Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED No. B. 156.

શ્રી

# જૈનધર્મ પ્રકાશ.

शार्दूलविक्रीडितम्.

ये जीवेषु दयालवः स्पृशति यान् स्वल्पोपि न श्रीमदः
श्रांता ये न परोपकारकरणे हृष्यंति ये याचिताः
स्वस्थाः सत्स्वपि यौवनोदयमहाव्याधिप्रकोपेषु ये
ते लोकोत्तरचारुचित्रचरिताः श्रेष्ठाः कति स्युर्नराः ॥

જેને જીવદયા વસી મનવિષે, લક્ષ્મી તણો ગર્વ નહીં,
ઉપકારે નહીં થાક, યાચકગણે આલ્હાદ માને સહી;
શાંતિ ચિત્તતણી, જુવાની મદનો રોગે હણાયે નહી,
એવા સુંદર શ્રેષ્ટ મુક્ત ગુણધી શોધ્યે જવલ્લે મહી.

પુસ્તક ૨૮ મું. ફાલ્ગુન. સંવત્ ૧૯૬૯. શાકે ૧૮૩૪. અંક ૧૨ મો.

પ્રગટ કર્તા.

શ્રી જૈનધર્મ પ્રસારક સભા. ભાવનગર.

अनुक्रमणिका.


૧ વૈરાગ્યશતક (સમશ્લોકી) ... ... ... ... ... ૩૬૯
૨ સર્વજ્ઞપ્રણિત સૂત્રની વિલક્ષણતા. ... ... ... ... ૩૭૦
૩ સર્વજ્ઞપ્રણિત સૂત્ર વ્યાખ્યાનવિધિ. ... ... ... ... ૩૭૪
૪ સર્વજ્ઞપ્રણિત સૂત્રરચના સંબંધી રૂપક. ... ... ... ... ૩૭૫
૫ મૈત્રીભાવનું ઉંડું રહસ્ય. ... ... ... ... ... ૩૭૮
૬ દીરને દંડો... ... ... ... ... ... ... ૩૭૯
૭ અમદાવાદખાતે મળેલો શ્રી સંઘનો મહાન્ મેળાવડો. ... ... ... ૩૮૦
૮ સેરિસા ... ... ... ... ... ... ... ૩૮૯
૯ આઠમી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ... ... ... ... ... ૩૯૧
૧૦ પં. શ્રી ગંભીરવિજયજીનો સ્વર્ગવાસ. ... ... ... ... ૩૯૭


શ્રી "સરસ્વતી" છાપખાનું—ભાવનગર.

મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ રૂ. ૦-૪-૦ ભેટ સાથે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## લાઇફ મેમ્બરોને ભેટ.

અમારી સભાના લાઇફ મેમ્બરોને ચાલુ વર્ષની ભેટ તરીકે આપવાના નીચે પુસ્તકો મુકરર થઇ ગયા છે અને તે તૈયાર પણ થઇ ગયા છે. થોડા દિવ સમાં મોકલવાનું શરૂ કરવામાં આવશે.

શ્રી પંચાશક ગ્રંથ ટીકા સહિત. ( સંસ્કૃત )

શ્રી કર્મગ્રંથ ટીકા વિભાગ ૨ જો, (કર્મગ્રંથ ૫ મો, છઠ્ઠો તથા સંસ્કૃત કર્મગ્રંથ.)

શ્રી જ્ઞાનસાર ટીકા સહીત. ( સંસ્કૃત )

શ્રી પરિશિષ્ટ પર્વ–પદ્યબંધ ,,

શ્રી પ્રમેય રત્નકોષ–ન્યાયનો ગ્રંથ. મૂળ. ( સંસ્કૃત )

શ્રી પ્રકરણો ઉપરના સ્તવનાદિનો સંગ્રહ. ગુજરાતી પદ્યબંધ.

શ્રી ધનપાળ પંચાશિકા. ટીકા, અર્થ યુક્ત તથા ત્રણ તીર્થોના કલ્પો સાથે.

શ્રી તત્ત્વવાર્તા તથા લક્ષ્મી સરસ્વતીનો સંવાદ. ( ગુજરાતી ભાષામાં )

ઉપર જણાવેલી આઠ વસ્તુ પૈકી પ્રથમના પાંચ ગ્રંથો તદન સંસ્કૃતમાં છે અને તે સંસ્કૃત ભાષાના પણ સારા અભ્યાસીને ઉપયોગી થઇ પડે તેમ છે તેથી તેમાંના પ્રથમના ત્રણ ગ્રંથો જે લાઇફ મેમ્બર ખાસ મોકલવા ફરમાવશે તેમનેજ મોકલવામાં આવશે અને બાકીના પાંચ તો સર્વને મોકલવામાં આવશે.

ઉપરના ગ્રંથો પોસ્ટેજ પૂરતાજ વેલ્યુપેબલથી મોકલવામાં આવશે.

આઠે વસ્તુની ઇચ્છાવાળા લા. મેમ્બરે તરતમાંજ પત્ર લખવા તસ્દી લેવી.

જે પોતે નહીં મંગાવે તેનીવતી એ ગ્રંથો સાધુ સાધ્વી વિગેરેને ભેટ આપવામાં આવશે જેથી તેનો સદુપયોગ થશે ને તેને લાભ મળશે.

---

## ઉપરના ગ્રંથો કિંમતથી મંગાવનારને માટે પણ નીચે પ્રમાણે સગવડ રાખવામાં આવી છે.

| | | | પોસ્ટેજ. |
|---|---|---|---|
| ૧ શ્રી પંચાશક ગ્રંથ સટીક. ફા. ૫૦ શ્લોક ૧૦૦૦૦ | રૂ | ૨ાા | ૦ા− |
| ૨ શ્રી કર્મગ્રંથ ટીકા યુક્ત વિભાગ ૨ જો. ફા. ૪૦ શ્લોક ૮૦૦૦ | રૂ | ૨) | ૦ા |
| ૩ શ્રી જ્ઞાનસાર ટીકાયુક્ત. ફા. ૧૪ શ્લોક ૩૦૦૦ | રૂ | ૦ાાા | ૦)ᵕાા |
| ૪ શ્રી પરિશિષ્ટ પર્વ. ફા. ૨૨ શ્લોક ૪૦૦૦ | રૂ | ૧) | ૦)ᵕ |
| ૫ શ્રી પ્રમેયરત્નકોષ. ફા. ૬ શ્લોક ૧૨૦૦ | રૂ | ૦ા | ૦)− |
| ૬ પ્રકરણો વિગેરે સ્તવનાદિનો સંગ્રહ. | રૂ | ૦ાા | ૦)−ાા |
| ૭ ધનપાળ પંચાશિકા. | રૂ | ૦)ᵕ | ૦)૩ા |
| ૮ તત્ત્વવાર્તા ને લક્ષ્મી સરસ્વતીનો સંવાદ. | રૂ | ૦)ᵕ | ૦)૩ા |

બહારગામથી મંગાવનારને પોસ્ટેજ ઉપરાંત એક આનો વેલ્યુપેબલનો લાગશે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

तत्र च गृहस्थैः सद्भिः परिहर्तव्योऽकल्याणमित्रयोगः, सेवितव्यानि कल्याणमित्राणि, न लङ्घनीयोचितस्थितिः, अपेक्षितव्यो लोकमार्गः, माननीया गुरुसंहतिः, भवितव्यमेतत्तन्त्रैः, प्रवर्तितव्यं दानादौ, कर्तव्योदारपूजा भगवतां, निरूपणीयः साधुविशेषः, श्रोतव्यं विधिना धर्मशास्त्रं, भावनीयं महायत्नेन, अनुष्ठेयस्तदर्थो विधानेन, अवलम्बनीयं धैर्यं, पर्यालोचनीयायतिः; अवलोकनीयो मृत्युः, भवितव्यं परलोकप्रधानैः, सेवितव्यो गुरुजनः, कर्तव्यं योगपट्टदर्शनं, स्थापनीयं तद्रूपादि मानसे, निरूपयितव्या धारणा, परिहर्तव्यो विक्षेपमार्गः, प्रयतितव्यं योगशुद्धौ, कारयितव्यं भगवद्भुवनबिम्बादिकं, लेखनीयं भुवनेशवचनं, कर्तव्यो मङ्गलजपः, प्रतिपत्तव्यं चतुःशरणं, गर्हितव्यानि दुष्कृतानि, अनुमोदयितव्यं कुशलं, पूजनीया मंत्रदेवताः, श्रोतव्यानि सच्चेष्टितानि, भावनीयमौदार्यं, वर्त्तितव्यमुत्तमज्ञातेन, ततो भविष्यति भवतां साधुधर्मानुष्ठानभाजनता ॥ उपमितिभवप्रपञ्चा कथा.

પુસ્તક ૨૮ મું. ફાલ્ગુન. સં. ૧૯૬૯. શાકે ૧૮૩૪. અંક ૧૨ મો

ॐ अर्हं नमस्तत्त्वज्ञाय.

## वैराग्य शतक.

### समश्लोकी.

( લેખક-માવજી દામજી શાહ. )

( અનુસંધાન પૃષ્ઠ ૨૯૭ થી. )

ઉપજાતિ–તે એક વૈવસ્વત એજ દેવ ! પરાક્રમીનિત્ય મહાવ્રતી જ;
પશુ મહિ ને સહુ દેવતામાં, વિવિધ મુદ્રા પડતી ધરામાં. ૯૧

---

વસંતતિલકા–આ તેજ સર્વ મદનજ્વલને ધનો છે,
વાંકું વિલોકન કરે દૂર તે કરીને !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખીલી હવે પણ અરે લલિતાંગી એજ,
મારા મને શુચિ વિવેક કળાનું તેજ. ૯૨

---

રે પ્રત્યક્ષજ નારકી જગતમાં સ્વચ્છંદતા જ્યાં નવ,
એવો સર્વ સમે પુકાર કરતાં વિદ્વાન સર્વે પણ;
તે નારી વશવર્તી એજ વિષયો કંટૂતિ જેવાં અહિં,
રોમાંચો થકી વિકસિત વપુએ તે લાગતા કાં નહિ? ૯૩

---

મંદાક્રાંતા—તે આ સ્ત્રીઓ! કુવલયદૃશો! તેજ ઋતુ વસંત,
ને આ મધ્યે શુચિવન ભૂમિનું ને અમે એજ મિત્ર;
કિંતુ નિશ્ચે હૃદયમહિં થઇ તત્ત્વ દીવાની જ્યોત,
જેથી હાંસી હૃદય કરતું યૌવનોન્માદનીજ. ૯૪

---

આર્યા—કો દેવ? ગતાંધકાર, કોણ ગુરૂ? શુદ્ધ માર્ગનો ભાષી;
શું ઉત્તમ વિજ્ઞાન? નિજના ગુણદોષનું જ્ઞાન. ૯૫

---

જે કારુણ્ય સુવર્ણથી નહિ થયું—સન્માર્ગ તાણે નહિ,
ને નૈં સંયમ લોહથી નહિ અને—સંતોષ માટી થકી;
જેને યોગ્ય તપોવિધાન દહન જ્વાલાવલિ તેજ નૈ,
સિદ્ધિ કેમ થશે નૃધાન્ય નિકરે કુપાત્રના આશ્રયે? ૯૬

---

હે મોહાહત જીવ! સુણ વચન શ્રદ્ધા કદિ તો કહે,
પામ્યો તું ફળ આ ભવ અટવીમાં ચોમેર કંઇ ભટકતે;
ભાઇ! તેવું ન કાંઇ મોક્ષતણું જે દેનાર તો શું અરે!
શું ભૂલા જ્યમ તું જુએ? કંઇ નહિ તું યત્નને આદરે. ૯૭

---

ધોળા ગુણથી તુલ્ય હંસ-બગલું તો ચાલમાં અંતર,
કાળા ગુણથી કાગ-કોયલ સમા ને બોલીમાં અંતર;
પીળા ગુણથી હેમ-હળદરસમા તો મૂલ્યમાં અંતર,
માનુષ્યે સરખાંજ આર્ય-ખલ તો ગુણોવિષે અંતર. ૯૮

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વસંતતિલકા**–દૃષ્ટિથકી હત થયેલજ અન્ધમાત્ર,
તે ધીરતા સરસ શુદ્ધ કરે પવિત્ર;
ને આ જનો શુચિ વિવેક વિચારવાળા,
તો શું કરે ! વિવિધ મન્મથનાજ ચાળા. ૯૯

---

ક્યારેજ તે દિન મને મળશેય એવો,
સધ્ધ્યાન વાન મનનાં નિત્ય રે થવાનો;
આનંદબિંદુ વિશદોજ સુધામયેનો,
મ્હારા સહિં નજર મુક્તિવધૂતણી રે ! ૧૦૦

---

**અનુષ્ટુપ્**—લલિત સત્ય સંયુક્ત, સુસ્પષ્ટ મિત ને મીઠી;
વાણી જે બોલતાં વ્યક્ત, સ્વયંસિદ્ધા સરસ્વતી. ૧૦૧

---

સિંચ્યા **શ્રી જિનવલ્લભ** સુગુરૂએ શાંતોપદેશામૃતે,
જેણે નાગપુરે કરાવ્યું ભુવન શ્રી નેમતીર્થેશનું;
એવા **શ્રી ધનદેવ** શેઠ વસતા તેના સુતે એજ રે !
**પદ્માનંદ શતક** રચ્યું ! સુજનને આનંદના હેતુએ. ૧૦૨

---

સંપૂર્ણેંદુસુખી! સુખે નહિ નહિ એ ચંદ્રના બિંબમાં,
ને એ ચંદનલેપથી નહિં અને દ્રાક્ષારસાસ્વાદમાં;
મેં આનંદ ન મેળવ્યો પ્રિય સખે ! શું બોલવાથી વધુ ?
પદ્માનંદ શતક સુણી અનુભવ્યો આનંદ જેવો કહું. ૧૦૩

---

**નોટ**—શ્રી જિનવલ્લભસૂરિ મહારાજનો ઉપદેશ સાંભળવા માટે નિરંતર જનારા તેમજ નાગપુરમાં જેણે શ્રી નેમિનાથનું જિનાલય બંધાવ્યું એવા શ્રી ધનદેવ શેઠ હતા. તેના સુત–પુત્ર કવિશ્રી પદ્માનંદ નામે હતા. તેમણે આ પદ્માનંદ શતકની યોજના સજ્જનોનાં આનંદને માટે કરી. આ ધનદેવશેઠ ! નો સંવત્ જન્મ–સ્થાન વગેરે જો કોઇ સહૃદય બંધુના જાણવામાં હોય તો તે તથા કવિશ્રી પદ્માનંદની અન્ય કૃતિઓ વગેરે મળે તો તે બહાર પાડવામાં આવે તો ઘણો લાભ થવા સંભવ છે. **લેખક.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# सर्वज्ञप्रणित सूत्रनी विलक्षणता.

( વિશેષાવશ્યકે પૃષ્ઠ ૪૫૩-૬૬ )

" અલ્પ અક્ષર અને બહુ અર્થવાળું, વળી **બત્રીશ દોષ વર્જિત** અને આઠ ગુણોવડે અલંકૃત, એવા લક્ષણે કરી લક્ષિત હોય તેને **સર્વજ્ઞ પ્રણીત સૂત્ર** જાણવું " અન્યત્ર કહેલા તે **બત્રીશ દોષોનું** સ્વરૂપ આવી રીતે છે:—

૧. અલીકં-અછતી વાત ( બીના ) પ્રગટ કરવી અને ખરી બીનાને છુપાવવી. જેમકે ' આ જગત ઈશ્વરે કરેલું છે ' ઇત્યાદિક અછતી-ખોટી-કલ્પિત વાત પ્રગટ કરવી અને ' આત્મા નથી ' ઇત્યાદિક ખરી-વ્યાજબી બીના છૂપાવી દેવી તે.

૨. ઉપઘાત જનકં-જે વડે પ્રાણી વર્ગનો ઉપઘાત-વિનાશ પ્રવર્તે. જેમકે ' વેદ વિહિતા હિંસા ' એટલે વેદમાં કરવા ફરમાવેલી યજ્ઞાદિક અર્થે થતી હિંસા કરતાં ' ધર્મ-પુન્ય ' થાયછે પણ ઇતર હિંસાની પેરે તેથી પાપ થતું નથી એવો પ્રાણીઘાતક ઉપદેશ જ્યાં સમાયેલ હોય તે.

૩. નિરર્થકં-જેમાં વર્ણ ( અક્ષરો ) નો ક્રમવિન્યાસ અથવા ઉચ્ચાર માત્ર હોય પણ અર્થ વિશેષ ન હોય તે-જેમકે અ, આ, ઇ. ઇત્યાદિક અથવા ડિત્યાદિવત્.

૪. અપાર્થકં—અસંબંદ્ધ ( પૂર્વાપર સંબંધ વગરના ) અર્થવાળું હોય તે. જેમકે ' દશ દાડિમ, છ અપૂપ, અજચર્મ, ઇત્યાદિક.

૫. છલં—જેમાં અનિષ્ટ અર્થાંતરનો સંભવ થતો હોવાથી વિવક્ષા કરવા ઇષ્ટ અર્થનો ઉપઘાત થઇ શકતો હોય તે. જેમકે ' નવ કમ્બલો દેવદત્તઃ' ઇત્યાદિક.

૬. દ્રુહિલં—અહિત ઉપદેશવડે જે પાપવ્યાપારને પોષવાવાળું હોવાથી પ્રાણીઓને દ્રોહ કરનારૂં થાય તે. જેમકે ' સમસ્ત જગતનો સંહાર કરતાં છતાં જેની બુદ્ધિ નિર્લેપ રહે છે તે પુરૂષ આકાશની પેરે પાપકર્મથી લેપાતો નથી. તથા ' જેટલો નજરે દેખાય છે તેટલોજ આ લોક છે, બીજું બધું પ્રલાપ માત્ર લોકોને ઠગવા માટે જ છે. સ્વર્ગ, મોક્ષ કે નરક કોણે જોયું છે ? માટે જે ખાધું, પીધું કે ભોગવ્યું એજ ખરૂં છે. આગળ પાછળનો કશો વિચાર કરવાની જરૂર જ નથી; માટે નિશ્ચિંતપણે-નિર્ભયપણે વિષયસુખનો અનુભવ કરી લેવામાં લગારે ચૂકવું નહિ,' ઇત્યાદિ પ્રાણીઓને ઉન્માર્ગે દોરી જઇ અનર્થ ઉપજાવનારાં અને પાપકાર્યોને પુષ્ટિ આપનારાં વચનો જેમાં હોય તે.

૭. નિઃસારં-વેદવચનાદિક પેરે તથાવિધ યુક્તિ વિકળ હોવાથી જે વ્યર્થ વિપ્રલાપ રૂપ હોય તે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૮. અધિકં—જે અક્ષર, માત્રા, પદાદિકવડે પ્રમાણથી વધારે હોય તે.

૯. ન્યૂનં—જે અક્ષર, માત્રા, પદાદિકવડે ન્યૂન–હીન હોય તે. અથવા હેતુ ઉદાહરણથી અભ્યધિક હોય તે **અધિક** જાણવું જેમકે 'શબ્દ અનિત્ય છે કેમકે તે પ્રયોગ જન્ય છે, અને પ્રયત્નનું તાત્કાલિક પરિણામ છે.' એ વચન **હેત્વધિક** એટલે અધિક હેતુવાળું છે. તેવીજ રીતે 'પ્રયોગજન્ય હોવાથી; ઘટપટની પેરે.' એમ કહેવું તે **ઉદાહરણાધિક** છે. વળી એ હેતુ ઉદાહરણથી જે હીન હોય તે **ઊન** જાણવું. જેમકે 'શબ્દ અનિત્ય છે ઘટવત્.' એ **હેતુહીન** છે અને 'પ્રયોગજન્ય છે માટે.' એ વચન **ઉદાહરણહીન** છે એમ જાણવું. ઇત્યાદિક.

૧૦. પુનરૂક્તં—શબ્દથી અને અર્થથી એમ એ બે પ્રકારે પુનરૂક્ત હોઇ શકેછે. તેમાં શબ્દથી પુનરૂક્ત 'ઘટ, ઘટ, ઘટ,' ઇત્યાદિક. અને અર્થથી પુનરૂક્ત 'ઘટ, કુટ, કુંભ' ઇત્યાદિક. વળી અર્થાપન્ન સંબંધી પુનરૂક્તતા, જેમકે 'પુષ્ટ એવો દેવદત્ત દિવસે ખાતો નથી.' એમ કહેવાથી અર્થાત્ સમજાય છે કે તે રાત્રે ખાયછે.' તેમ છતાં એમ સાક્ષાત્ ન કહેવું તે અર્થાપન્ન પુનરૂક્તતા જાણવી.

૧૧. વ્યાહતં—જેમાં પૂર્વ વચનવડે પર વચનનો વ્યાઘાત થતો હોય એવું પૂર્વાપર વિરોધી વચન. જેમકે 'કર્મ છે, તેનું ફળ છે, પણ કર્મનો કર્તા નથી.' ઇત્યાદિ.

૧૨. અયુક્તં—જે વચનમાં સબળ યુક્તિ ન હોય તે. જેમકે 'તે હાથીઓના ગંડસ્થળથકી ઝરતા મદજળોવડે હાથી, ઘોડા અને રથો તણાઇ જાય એવો ઘોર નદીનો પ્રવાહ ચાલ્યો.' ઇત્યાદિ.

૧૩. ક્રમભિન્નં—જેમાં ક્રમનો મેળ મળેજ નહિ. જેમકે સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્રના વિષયો સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દ યથાક્રમ વર્ણવવા હોય ત્યારે શબ્દ, રૂપ, સ્પર્શ, ગંધ અને રસ એમ બોલે. ઇત્યાદિ.

૧૪. વચનભિન્નં—જેમાં એકવચન, દ્વિવચન અને બહુવચન જ્યાં જેમ ઘટે ત્યાં તેમ નહિ વાપરતાં ભિન્ન વાપરવામાં આવેલ હોય તે.

૧૫. વિભક્તિ ભિન્નં—જેમાં પ્રથમા, દ્વિતીયા,તૃતીયા, પ્રમુખ વિભક્તિઓ જ્યાં જેમ ઘટે તેમ ત્યાં નહિ વાપરતાં તેથી વિપરીત વાપરવામાં આવેલ હોય તે.

૧૬. લિંગભિન્નં—જેમાં સ્ત્રીલિંગ, પુરૂષલિંગ કે નપુંસકલિંગ જેમ ઘટે તેમ નહિ વાપરતાં તેથી વિપરીત વાપરવામાં આવેલ હોય તે.

૧૭. અનભિહિતં—જે સ્વસિદ્ધાંતમાં ઉપદેશેલું ન હોય, જેમકે 'વૈશેષિકને માન્ય સાતમો પદાર્થ; તેમજ પ્રકૃતિ અને પુરૂષ એ બે ઉમેરતાં જેમ સાંખ્ય માન્ય પદાર્થ.' ઇત્યાદિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૮. અપદ—પદ્યબંધમાં અન્ય છંદના અધિકારે અન્ય છંદનું કહેવું થાય તે. જેમકે 'આર્યા' ને ઠેકાણે 'વૈતાલીય' પદ કહેવું. ઇત્યાદિ.

૧૯. સ્વભાવહીનં—જેમાં વસ્તુનો જે સ્વભાવ હોય તેથી વિપરીત કહેવો તે. જેમકે 'અગ્નિ શીતળ છે.' 'આકાશ મૂર્તિમાન્ છે.' ઇત્યાદિ.

૨૦. વ્યવહિતં—જેમાં પ્રસ્તુત (ચાલુ) વિષયને બાજુ ઉપર મૂકી અપ્રસ્તુત વિષયને વિસ્તારથી કહી ફરી પ્રસ્તુત વિષયને પકડવો તે.

૨૧. કાળદોષ—જેમાં ભૂત, ભવિષ્ય કે વર્તમાન કાળનો વિપર્યય કરી દેવામાં આવે એટલે કે ભૂતને બદલે વર્તમાન કહેવો. ઇત્યાદિ.

૨૨. યતિદોષ—અસ્થાન વિરતિ અથવા સર્વથા અવિરતિ.

૨૩. છવિદોષ—અલંકાર વિશેષ-તેજસ્વિતાથી રહિત.

૨૪. સમયવિરૂદ્ધ—સ્વસિદ્ધાન્ત વિરોધી વચન. જેમકે 'સાંખ્યોને મતે અસત્ કારણે કાર્ય.' ઇત્યાદિ.

૨૫. વચનમાત્રં—નિર્હેતુક, જેમ કોઇએક માણસ ઇચ્છાનુસાર ગમે તે પ્રદેશ (સ્થાન) ને લોકના મધ્યબિંદુપણે બીજા પાસે જણાવે.

૨૬. અર્થાપત્તિદોષ—જેમાં અર્થાપત્તિ (ઉપલક્ષણ) વડે અનિષ્ટ પરિણામ ઉપજે તે. જેમકે 'ગૃહકુક્કુરને નહિં મારવો.' એમ કહેતાં ઉપલક્ષણથી બાકી બીજા કુતરાને મારવામાં દોષ નથી એવો અનર્થ થાય છે. ઇત્યાદિ.

૨૭. સમાસદોષ—જ્યાં સમાસવિધિ પ્રાપ્ત થાય ત્યાં સમાસ ન કરવો અથવા વિપરીત સમાસ કરવો તે.

૨૮. ઉપમાદોષ—જેમાં 'હીન ઉપમા' દેવામાં આવે. જેમકે 'મેરૂ સર્ષપ જેવો છે.' અથવા 'અધિક ઉપમા' દેવામાં આવે. જેમકે 'સર્ષપ મેરૂ જેવો છે.' અથવા 'અનુપમા' કહેવામાં આવે. જેમકે 'મેરૂ સમુદ્ર જેવો છે.' ઇત્યાદિ.

૨૯. રૂપકદોષ—સ્વરૂપભૂત અવયવોનું વર્ણન નહિં કરવું અથવા વિપરીત વર્ણન કરવું તે. જેમકે પર્વતનું વર્ણન કરતાં તેના અંગભૂત શિખરાદિકને ન વર્ણવે અથવા સમુદ્ર સંબંધી વસ્તુઓનું ત્યાં વર્ણન કરે. ઇત્યાદિ.

૩૦. નિર્દેશદોષ—જેમાં કથેલાં પદોની એકવાક્યતા કરવામાં ન આવે. જેમકે 'અહીં દેવદત્ત સ્થાલીમાં રાંધે છે.' એમ કહેવું હોય ત્યાં 'રાંધે છે' એ પદ બોલે નહિં.

૩૧. પદાર્થદોષ—જેમાં કહેલ એવો વસ્તુનો પર્યાય પણ જૂદોજ પદાર્થ છે એમ કલ્પના કરવામાં આવી હોય. જેમકે 'સતો ભાવઃ સત્તા' એમ કહી વસ્તુપર્યાય એજ સત્તા માની વૈશેષિક મતવાળાએ છ પદાર્થોમાં તેને જૂદા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પદાર્થ તરીકે ગણેલ છે તે અયુક્ત છે. કેમકે વસ્તુના અનન્ત પર્યાય હોવાથી પદાર્થ પણ અનંત થઇ જાય.

૩૨. સંધિદોષ—જ્યાં સંધિ કરવાનો વિધિ પ્રાપ્ત થાય ત્યાં તેમ ન કરે અથવા ખોટી–વિપરીત સંધિ કરે.

એ બત્રીશે સૂત્રદોષો છે. ઉક્ત દોષોથી તદ્દન મુક્ત અને આગળ કહેવામાં આવતાં ઉત્તમ લક્ષણોવડે જે લક્ષિત હોય તેને સર્વજ્ઞપ્રણીત સૂત્ર જાણવું. જે આઠ ગુણોવડે યુક્ત હોવાથી લક્ષણલક્ષિત સૂત્ર કહેવાય છે તે આઠ ગુણે આ રીતે છે—

૧. નિર્દોષં—સમસ્ત ઉક્ત તેમજ અનુક્ત દોષોથી જે રહિત હોય તે. એટલે દોષના અભાવને અહીં ગુણરૂપે વર્ણવ્યો છે.

૨. સારવત્—ગો શબ્દની પેરે અનેક અર્થ વાચક જે હોય.

૩. હેતુયુક્તં—અન્વય વ્યતિરેક ઉપપત્તિ લક્ષણ હેતુ સહિત હો

૪. અલંકૃતં—ઉપમા, ઉત્પ્રેક્ષાદિક અલંકારો વડે જે વિભૂષિત

૫. ઉપનીતં—છેવટ ઉપનય વડે જેનો ઉપસંહાર (સમાપ્તિ) કરાયેલ હોય

૬. સોપચારં—કુશળ પદપંક્તિવડે જે સુશોભિત હોય.

૭. મિતં—વર્ણાદિક ઉચિત પરિમાણવાળું હોય.

૮. મધુરં—જે સાંભળતાં મિષ્ટ–મનોહર લાગે એવું હોય.

વળી કેટલાક આચાર્યો સૂત્રના છ ગુણો વર્ણવેછે તે આ રીતે—

૧. અલ્પાક્ષરં—બહુ અર્થનો સમાવેશ કરનારા પરિમિત અક્ષરો જે[illegible] આવેલા હોય. જેમકે 'આજ સામાયક સૂત્ર.'

૨. અસંદિગ્ધં—સૈન્ધવ શબ્દની પેરે લવણ, વસ્ત્ર, તુરંગ અને પુરુષાદિ અનેક અર્થની જેમાં ભ્રાંતિ થવા ન પામે તેવું.

૩. સારવત્—પૂર્વલી પેરે.

૪. વિશ્વતોમુખં—પ્રત્યેક સૂત્રે ચરણાનુયોગાદિ ચારે અનુયોગોથી [illegible] વ્યાખ્યા થઇ શકે તેવું. અથવા 'અનંત અર્થ–ગર્ભિત હોવાથી વિશ્વતો[illegible] અને તેથીજ સારવત્' એવી વ્યાખ્યા કરતાં તે એકજ ગુણ લેખાતાં છ ને [illegible] પાંચ ગુણ થાય છે

૫. સ્તોભકં—ચકાર, હિકાર, તુકાર અને વાકાર વિગેરે. સ્તોભક [illegible] શબ્દોથી વર્જિત હોય.

૬. અનવદ્યં–હાસ્યલોલ્યાદિક પાપવ્યાપારને નહિ પ્રરૂપવાવાળું. એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે સૂત્ર તે સર્વજ્ઞભાષિત જાણવું. પ્રથમ જે આઠ ગુણો કહ્યા તેમાં આ ૮૭ ગુણો પણ સમાવેશિત થાય છે. ઉક્ત સૂત્રગુણો પરીક્ષાવિચારી ચતુર જનોએ અવશ્ય અવધારવા યોગ્ય છે, કેમકે તે વડે નિર્દોષ સૂત્રની અને તેના પ્રણેતા સર્વજ્ઞની પ્રતીતિ કરી શકાય છે, અને તેથી અભીષ્ટ દિશામાં આત્મકલ્યાણ **અર્થે નિઃશંકપણે ઉદ્યમ સેવી શકાય છે.** ઇતિશમ્.

**સન્મિત્ર કર્પૂરવિજયજી.**

# सर्वज्ञप्रणीत सूत्र व्याख्यानविधि.

( વિશેષાવશ્યકે પૃષ્ઠ ૪૬૭–૭૦ )

કોઇપણ સૂત્રની વ્યાખ્યા કરતાં પ્રથમ **અસ્ખલિતાદિ** ગુણવાળું યથોક્ત લક્ષણ યુક્ત સૂત્ર ઉચ્ચરવું જોઇએ. આને અન્યત્ર અસ્ખલિત પદોચ્ચારણ રૂપ સંહિતા કહેલી છે. પછી **પદચ્છેદ** કરવો. પછી **પદાર્થ** કહેવો. પછી યથાસંભવ **સમાસ** કરવો. પછી **ચાલનારૂપ** વિચાર કરવો અને ત્યારપછી **દુષણપરિહાર** સમાધાન રૂપે કરવો. એ રીતે **ક્રમસર** પ્રત્યેક સૂત્રે નયોના મતવિશેષવડે વ્યાખ્યાન મર્યાદા જાણવી. સંહિતાનો વિસ્તરાર્થ તો સૂત્રલક્ષણના કથનથી ભાષ્યકારે વસ્તુતઃ કહેલો જ છે. તેથી હવે **પદાદિ સંબંધી** વિસ્તારાર્થ ભાષ્યકાર કહે છે. **પદ** બે પ્રકારનું હોય છે. એક **અર્થવાચક** અને બીજું **દ્યોતક.** તેમાં 'વૃક્ષ ઉભું છે' ઇત્યાદિક **અર્થવાચક** પદ અને 'પ્ર'આદિક તથા 'ચ'આદિક **દ્યોતક પદ** જાણવાં. વળી પણ **પદ** સામાન્ય રીતે **નામિક** આદિ પાંચ પ્રકારનું છે. તેમાં 'અશ્વ' એ ‡**નામિક** પદ, '[1]ખલુ' એ §**નૈપાતિક,** [2]પરિ એ ***ઔપસર્ગિક,** [3]ધાવતિ એ [4]**આખ્યાતિક** અને સંયત એ **મિશ્ર** પદ જાણવું. એ પ્રકારનાં પદોનો વિચ્છેદ એટલે **પદચ્છેદ** એ બીજું વ્યાખ્યાનનું અંગ જાણવું.

ત્રીજું વ્યાખ્યાનનું અંગ **પદાર્થ** છે. તે કારકવાચ્યાદિક ભેદે કરીને ચાર પ્રકારનું છે. તેમાં ૧ કારકવાચ્ય એટલે કારકવિષય જેમકે 'પચતીતિ પાચકઃ' ૨ સમાસવાચ્ય જેમકે 'રાજ્ઞઃ પુરૂષો રાજપુરૂષઃ' ૩ તદ્ધિતવાચ્ય જેમકે 'વસુદેવસ્ય અપત્યં વાસુદેવઃ' અને ૪ નિરૂક્તવાચ્ય જેમકે 'ભ્રમતિ ચ રૌતિ ચ ભ્રમરઃ' ઇત્યાદિ. એવી રીતે પદાર્થના ચાર પ્રકાર બતાવ્યા. વળી પ્રકારાન્તરે પદાર્થ ત્રણ પ્રકારે પણ સંભવે છે. ૧ ક્રિયાકારક વિધાનથી ૨ પર્યાય વચનથી અને ૩ ભૂતાર્થ વિધા-

૧ નિશ્ચે. ૨ સમન્તાત્. ૩ દોડે છે. ‡નામવાળું §નિપાતવાળું. *ઉપસર્ગવાળું. ૪ ક્રિયાપદવાળું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. તેમાં ૧ ક્રિયાકારક જેમકે 'ઘટ ચેષ્ટાયામ્' 'ઘટતે ક્સૌ ઘટઃ' ૨ પર્યાય જેમકે 'ઘટઃ, કુટઃ, કુમ્ભઃ, કલશઃ' ઈત્યાદિ. ૩ ભૂત એટલે યથાવસ્થિત અર્થનું કથન કરવાથી. જેમકે 'આયત વૃત્ત ગ્રીવાદિક વિશિષ્ટ આકૃતિવાળોજ ઘડો કહેવાય.' ઈત્યાદિ.

અથવા બીજી રીતે પણ પદાર્થ એટલે સૂત્રાર્થ ત્રણ પ્રકારનો જાણવો. તે આ રીતે–૧ પ્રત્યક્ષથી ૨ અનુમાનથી અને ૩ લેશથી એટલે સમસ્તપણે. તેમાં જેવું પ્રત્યક્ષપણે પુસ્તકાદિકમાં લખેલું દેખાય અથવા ગુરૂગમથી સંભળાય તેવુંજ સાક્ષાત્ પ્રરૂપવામાં આવે તે પ્રત્યક્ષથી પદાર્થ કહેવાય છે. જેમકે 'સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ' એ રીતે ગુરૂમુખથી શ્રવણાદિક પ્રત્યક્ષપણે સાંભળી તેને તેવીજ રીતે પ્રરૂપવામાં આવે. **અનુમાન** પણ અહીં **અર્થાપત્તિરૂપ** લેવું. તેમાં પણ અન્યથા અનુપપન્ન અર્થથકી અતીન્દ્રિય સાધ્યાર્થનું અનુમાન કરવામાં આવે છે, તેમાં આ પ્રત્યક્ષ ઉપલબ્ધ–અર્થ અર્થાપત્તિ લબ્ધાર્થને કથે છે. તે અનુમાનથી પદાર્થ કહેવાય છે. જેમકે 'કથયન્તિ મિથ્યાદર્શનાનિ પુનર્મોક્ષમાર્ગો ન ભવતિ.' એ અર્થાત્ ગમ્યમાન થાય છે. તથા લેશથી એટલે સમસ્તપણે અથવા સમુદિતપણાથી, જેમકે 'સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્ર' એમાં સમસ્ત ત્રણેનું કથન કરેલું હોવાથી 'સમુદિત એવા ત્રણવડેજ જીવ મોક્ષ પામે છે; પણ એક એક જૂદાવડે પામતો નથી.' એમ સિદ્ધ થાય છે.

અથવા યથાસંભવ **આગમથી** અને **હેતુ–યુક્તિથી** એમ બે પ્રકારે પદાર્થ જાણવો. તેમાં ભવ્ય, અભવ્ય અને નિગોદાદિક પ્રતિપાદક પદોનો **આગમથી**–આજ્ઞામાત્રથી અર્થ કહેવાય છે, તે શિવાય તેમાં પ્રાયઃ બીજું પ્રમાણ નથી. અને જ્યાં હેતુ–યુક્તિ સંભવે ત્યાં **હેતુ–યુક્તિથી** પદાર્થ કહેવામાં આવેછે. જેમકે 'આત્મા કાયા પ્રમાણ છે પણ સર્વગત એટલે સર્વવ્યાપક નથી, કર્તા હોવાથી, કુલાલની પેરે.' ઇત્યાદિ. **પ્રશ્ન**–ત્યારે આત્મા એજ હેતુ અને દૃષ્ટાંતથી મૂર્તિવંત પણ કેમ ન કહેવાય? **ઉત્તર**–મૂર્ત પણ કહેવાય અને સંસારી આત્માનું મૂર્તપણું ઇષ્ટજ છે. તેથી અમને કશી હાનિ નથી. એ **હેતુથી પદાર્થ કથન** કહેવાય. આજ્ઞાગ્રાહ્ય અર્થ આજ્ઞાવડેજ કહેવો અને હેતુ દૃષ્ટાંતથી કહેવા યોગ્ય એમ પણ કહેવો. નહિં તો કથનવિધિની વિરાધના કરી કહેવાય. એવી રીતે વિસ્તાર પૂર્વક પદાર્થ–સૂત્રાર્થ વિધિ કહ્યો.

હવે પદ વિગ્રહ–સમાસ વિષયક પદોના વિચ્છેદ આશ્રી કહેછે. અહીં પ્રાયઃ સમાસ વિષયક બે અથવા વધારે પદોના અનેક અર્થનો સંભવ હોવાથી ઇષ્ટ પદાર્થના નિયમ માટે તે પદોનો વિચ્છેદ કે પદચ્છેદ કરવામાં આવે છે. જેમકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજાનો પુરૂષ તે 'રાજપુરૂષ:' શ્વેત પટ છે જેને તે 'શ્વેતપટ:' જે વનમાં ઘણાં મદોન્મત્ત હાથીઓ છે તે 'મત્ત બહુ માતંગ વનં.' ઈત્યાદિ. એ સમાસ એક પદમાં થતો નથી. માટે બે અથવા વધારે પદો કહ્યા. ક્વચિત્ સમાસના નિષેધ થકી પદવિચ્છેદ પણ થતો નથી. જેમકે વ્યાસ, પારાસર્ય, રામ, જામદગ્ન્ય ઇત્યાદિક. માટે પ્રાય: શબ્દ પ્રથમ કહેલો છે. હવે **ચાલના** અને **પ્રત્યવસ્થાન** આશ્રી કહેછે. સૂત્ર સંબંધી કે અર્થ સંબંધી જે કંઇ દૂષણ શિષ્ય કે પ્રેરક બતાવે તેનું નામ **ચાલના** કહેવાય છે અને આચાર્ય મહારાજ તે ચાલનાનું સમાધાન કરે તે **પ્રત્યવસ્થાન** કહેવાય છે.

આચાર્ય મહારાજ શી રીતે શિષ્યે કે પ્રેરકે દીધેલું દૂષણ ટાળે છે? તે કહેછે– શબ્દ અને અર્થના ન્યાયથી એટલે શબ્દ સંબંધી ન્યાય–યુક્તિવડે શબ્દસંબંધી દૂષણનો પરિહાર કરે છે અને અર્થસંબંધી ન્યાય–યુક્તિવડે અર્થસંબંધી દૂષણનો પરિહાર કરેછે. વળી અમુક નયના અભિપ્રાય વિશેષથી શબ્દ અને અર્થગત દૂષણનો પરિહાર કરવો એ પ્રત્યવસ્થાન કહેવાયછે એમ પણ જાણવું.

ભાવાર્થ એ છે કે 'કરેમિ ભંતે સામાઇયં' એમાં 'ભંતે'=ભગવંત! એવો ગુરૂ–આમંત્રણ શબ્દ કહ્યે છતે કોઈ શિષ્ય **ચાલના** કરે કે–સાક્ષાત્ ગુરૂ હોય ત્યારે તો 'ભંતે' શબ્દ કહેવો તે ઠીક પરંતુ ગુરૂ વિરહે તે શબ્દ કહેવો ઘટે નહિં અને તેમ છતાં કહેવામાં આવે તો તેથી નિષ્પ્રયોજનતાદિક દોષ આવે. તેનું આચાર્ય મહારાજ સમાધાન કરેછે—'આચાર્યના અભાવે સ્થાપનાચાર્ય સમીપે સઘળી ક્રિયા સામાચારી કરવી જોઇએ' એમ જણાવવા માટે એ 'ભંતે' શબ્દ જાણવો. તેમજ 'સાક્ષાત્ તીર્થંકરના અભાવે તીર્થંકર ભગવાનની પ્રતિમાનું ઉપવેશન કરવામાં આવતું દેખાયછે' અથવા ગુરૂના વિરહે પણ સ્વાતંત્ર્ય નિષેધ અને વિનય મૂળ જૈન ધર્મ છે એમ દેખાડવા માટે ગુરૂ મહારાજના ગુણ વિષયે જ્ઞાનોપયોગ દેવો એમ આ 'ભંતે' પદવડે જ્ઞાપન કરવામાં આવે છે. અથવા નામ સ્થાપના દ્રવ્ય અને ભાવ ભેદથી ચાર પ્રકારે આચાર્ય હોયછે. તેમાં આચાર્ય સંબંધી ઉપયોગ રૂપ જે **ભાવાચાર્ય** શિષ્યના મનમાં વર્તેછે તે ભાવાચાર્ય વિષયક આ આમંત્રણ જાણવું. એટલે શિષ્યના મનમાં સ્થપાઇ રહેલા–રમી રહેલા ગુણમય ભાવાચાર્ય નિમિત્તે આ સંબોધન સમજવું, તેથી ગુરૂ મહારાજનો વિરહ પણ અત્ર અપ્રસિદ્ધજ છે એટલે પરમાર્થથી જોતાં ગુરૂ મહારાજનો વિરહ પણ અત્ર પ્રસ્તાવે સિદ્ધ થઇ શકતોજ નથી. એવી રીતે અન્યત્ર પણ ચાલના અને પ્રત્યવસ્થાન યથાસંભવ પોતાની મેળે સમજી લેવાં. છેવટ એ સિદ્ધ થયું કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सांहिता च पदं चैव, पदार्थः पदविग्रहः ।
चालना प्रत्यवस्थानं, व्याख्या तन्त्रस्य षड्विधा ॥

૧ સંહિતા, ૨ પદ, ૩ પદાર્થ, ૪ પદ વિગ્રહ, ૫ ચાલના અને ૬ પ્રત્યવસ્થાન—એ છ પ્રકારે સૂત્રની વ્યાખ્યા હોઇ શકેછે. એટલે સૂત્રવ્યાખ્યાનની એ મર્યાદા છે. ઇતિશમ્.

સન્મિત્ર કર્પૂરવિજયજી.

# सर्वज्ञप्रणीत सूत्ररचना संबंधी रूपक.

( વિશેષાવશ્યકે પૃષ્ઠ. ૫૦૨ )

તપ નિયમ અને જ્ઞાન કલ્પવૃક્ષ ઉપર આરૂઢ થયેલા ચોત્રીશ અતિશયવંત અમિત જ્ઞાની કેવળી ભગવાન્ ભવ્યજનોને વિશિષ્ટ બોધ કરવાને હેતે તે દિવ્યવૃક્ષ ઉપરથી દિવ્ય વચન રૂપ પુષ્પોની વૃષ્ટિ કરેછે. તે સમસ્ત દિવ્ય પુષ્પોને ચાર જ્ઞાનના ધારક અપ્રમત્ત ગણધરો પોતાના નિર્મળ બુદ્ધિમય પટ્ટવડે ઝીલી લે છે અને પછી તે તીર્થંકર પ્રણીત દિવ્ય પુષ્પોને પ્રવચન ( દ્વાદશાંગ અથવા શ્રી સંઘ ) ના હિતને માટે ગુંથેછે. એટલે તેઓશ્રી શાસનના હિતને માટે દ્વાદશાંગ—સૂત્રની રચના કરેછે.

જેવી રીતે કોઇ એક પરગજુ પુરૂષ કલ્પવૃક્ષ ઉપર ચઢી સુગંધી પુષ્પોનો સંચય કરી તે વૃક્ષ ઉપર ચઢવાને અસમર્થ એવા નીચે રહેલા પુરૂષોની અનુકંપાવડે સુગંધી પુષ્પોને નીચે નાખે છે, એટલે એ પુષ્પો ભૂમિ ઉપર પડીને મલીન થઇ ન જાય તેમ સાચવીને તે બધાં ફૂલોને પેલા નીચે રહેલા મનુષ્યો પોતાના સ્વચ્છ અને વિશાળ વસ્ત્ર—પટ્ટમાં ઝીલી લે છે, પછી તેનો યથાયોગ્ય ઉપભોગ કરતા અને બીજાનો પણ ઉપકાર કરતા જેમ તે સુખી થાય છે. તેવીજ રીતે ઉપર રૂપકમાં જણાવેલા **ભાવવૃક્ષ** આશ્રી પણ બધું લાગુ પાડી લેવું. મતલબ કે પરમ ઉપકારી શ્રી તીર્થંકર ભગવાનની **દિવ્ય અનુકંપાવડે** શ્રી ગણધરો દિવ્યજ્ઞાન પામી તે વડે સૂત્ર રચના કરી સ્વપરનું અનંત શ્રેય સાધે છે. ઇતિશમ્.

સન્મિત્ર કર્પૂરવિજયજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# परम योगी पुरुषोनो उत्तम मुद्रालेख. मैत्रीभावनुं ऊंडुं रहस्य.

( લેખક સન્મિત્ર કર્પૂરવિજયજી. )

" शिवमस्तु सर्व जगतः, परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखी भवन्तु लोकाः "

**ભાવાર્થ**—સર્વ જગજંતુઓને શાન્તિ મળો ! સર્વ, પ્રાણીસમૂહપર હિત કરવા તત્પર થાઓ ! દોષ માત્ર દૂર થાઓ ! અને સહુ કોઇ સર્વત્ર સુખી થાઓ !

**વિવેચન**—સમસ્ત જગતનું એકાન્ત હિત ઇચ્છનારા પરમ યોગી પુરૂષોની હૃદયવીણાનો ઉપર જણાવેલો એક રાગ છે. ગમે તેવાં બાહ્ય કે અંતરંગ કલેશનાં કારણો ઉપસ્થિત થતાં જગતમાં થવા પામતી અશાન્તિ ઉપશાન્ત થાય, સહુ કોઈ જન સમુદાય એક બીજાનું હિત હૈયે ધરીને પોતપોતાથી બનતી સહાય અર્પવા તત્પર થાય. ઇર્ષા–અદેખાઇ પ્રમુખ અમાનુષી દોષ–જાળને છેદવા સહુ કોઇ સાવધાન થાય અને એ ઉત્તમ માર્ગનું અવલંબન લહીને સર્વ કોઈ સર્વત્ર સુખી થાય એવી ઉત્તમ આંતર કરૂણાના ઉપર જણાવેલા ઉદ્ગાર છે. ઉક્ત હૃદય ભાવનાનું ઉંડું રહસ્ય સમજનારા અને જગત માત્રનું ભલું ઇચ્છનારા અનેક ઉત્તમ પુરૂષોએ સહુ કોઇના શ્રેયઃ—સાધન માટે ઉક્ત હૃદય ભાવનાનો જગતમાં સારી રીતે વિસ્તાર કર્યો છે. પોતાના શુદ્ધ સંકલ્પ બળથી સાર ચૈતન્ય પેદા કરી તેમણે જગતમાં પ્રસરેલા અને પ્રસરતા અનેક ઉપદ્રવોને ઉપશમાવ્યા છે, અનેક ઉત્તમ વ્યક્તિઓમાં ઉક્ત ભાવનાનું ઉંડું રહસ્ય રેડી તેમને પરોપકાર રસિક બનાવ્યા છે, અને ઇર્ષા–અદેખાઈ પ્રમુખ દુષ્ટ દોષોનો અંત કરવામાં ઉત્તમ સહાય અર્પી છે. અને જગતમાં સર્વત્ર સુખ શાન્તિ પથરાય તેમ કરવા તેમણે દરેક પ્રયત્ન સેવ્યો છે. આ વાત ( fact )નું ઉંડું આલોચન કરનાર કોઇ પણ સહૃદય જ્યારે આધુનિક જનોની વસ્તુસ્થિતિનું અવલોકન કરે છે ત્યારે તેને બહુ લાગી આવે છે. અને તે ઉંડા નિસાસા નાંખે છે. આટલું બધું વિષમ વસ્તુસ્થિતિનું પરાવર્તન કેમ થવા પામ્યું હશે ? એ પ્રશ્ન સ્વભાવિક ઉઠવાનો. તેનું સમાધાન આવું હોઇ શકે કે પ્રથમનાં માણસો બહુધા સરલ, નિરાડંબરી, નિર્દંભ અને શુદ્ધ આશયવાળાં હોઇ હૃદયગ્રાહી હતાં ત્યારે પાછળનાં માણસો બહુધા વક્ર, આડંબરી, દંભી અને મલીન આશયવાળાં હોઇ વસ્તુસ્થિતિનું ઉંડું રહસ્ય જાણવા નાલાયક બનતા ગયાં. આવા કારણથી વસ્તુસ્થિતિનું યથાર્થ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવલોકન કરી, તેનું ઉંડું રહસ્ય પ્રાપ્ત કરી, સ્વાર્થત્યાગી બની, જગતનું અનેકધા હિત કરવા ઉજમાળ બહુજ વિરલ વ્યક્તિઓ જોવામાં આવે છે. એટલુંજ નહિ પણ તેવી વિરલ વ્યક્તિ દૈવવશાત્ નીકળે તો તેને યથાયોગ્ય સહાનુભૂતિ આપનારા પણ થોડાજ નજરે પડે છે. મ્હોટો સમુદાય તો ગતાનુગતિકજ જોવામાં આવે છે. ત્યારે 'આ વસ્તુસ્થિતિમાં કંઈ જીવ જેવો સુધારો થઇ શકે ખરો? અને તે કેવી રીતે?' આવો પ્રશ્ન ઉપસ્થિત થતાં તેનું સમાધાન બહુ અંશે આ રીતે હોઇ શકે.

ધીમે ધીમે પણ સંગીન પાયાથી નવી પ્રજામાં ઉત્તમ નૈતિકબળ પેદા કરવામાં આવે અને તેમને આ નીચે બતાવવામાં આવતી **મૈત્રી** પ્રમુખ ચાર ભાવનાઓ ધાર્મિક રહસ્યરૂપે શીખવવામાં આવે--

૧. **મૈત્રી**–દુનીયાભરમાં કોઇને પણ દુશ્મન નહિ લેખતાં સહુ કોઇને સ્વમિત્રરૂપ લેખવા અને તેમની સાથે તેવાજ ભાઇચારાથી વર્તન રાખવા શુભ અભ્યાસ પાડવો. (મન, વચન અને કાયાની કૃતિથી)

૨. **મુદિતા**–બીજાનું સુખ ઐશ્વર્ય પ્રમુખ જોઈ પ્રમુદિત થવું અને વિશેષમાં સુખાદિકનાં કારણ શોધી તેનું હર્ષથી સેવન કરવું.

૩. **કરૂણા**–આપણાથી વધારે દુઃખી ગરીબ માણસો વિગેરેને કોઈ રીતે ત્રાસ નહિ આપતાં તેમને દીલાસો આપી તેમનું દુઃખ દૂર કરવા બનતું કરવું અને આપણા મિત્રાદિક વર્ગને પણ તેમ કરવા પ્રેરણા કરતા રહેવું.

૪. **ઉપેક્ષા**–નીચ, નિર્દય, નિર્લજ્જ પ્રાણીઓ પ્રત્યે પણ દ્વેષ નહિ વહેતાં તેમનાથી ઉદાસીન થઇ રહેવું. ઇતિશમ્.

# दैवने ठबको.

### રાગપરજ.

આ શો ગજબ કર્યો ગોર ભુંડા—એ રાગ. (વેનચરિત્રમાંનો)

**આ શો ગજબ કર્યો કાળ ભુંડા? કર્યા તેં ઘા ઉપર ઘા ઉંડા. ટેક.**

જૈન જવાહીરમાંથી રત્નો, લુટારા તેં લૂંટ્યા;
ભુંડા ભુખ ભાંગી નહિ તાºરી, હવે હીરા બહુ ખૂટ્યા રે. **આ શો૦ ૧**
[૧]**લાલની** લાહ્ય બુઝાતાં પહેલાં, [૨]**ચિમન** ચિતામાં પોઢ્યા;
તુરત બનેવીને મળવા [૩]**મણિ**, પાછળ પાછળ દોડ્યા રે. **આ શો૦ ૨**

૧ શેઠ લાલભાઇ દલપતભાઈ ૨ નગરશેઠ ચીમનભાઇ લાલભાઇ ૩ શેઠ મણિભાઇ જેશીંગભાઈ

For Private And Personal Use Only

ભરી હતી હિમ્મત જૈનોને, **મનસુખભાઈની** બહોળી;
કર્યો કોળીયો એ નરનો હેં, સળગી હૈયે હોળી રે. **આ શો૦ ૩**
દાઝયાપર તેં ડાંમ દીધો વળી, ક્ષતપર ક્ષાર લગાડ્યો;
વિષમ કાળ વિકાળ અનાડી, ખેલ તેં બધો બગાડ્યો રે. **આ શો૦ ૪**
દાનવીરની દયા ન આણી, પુણ્યની પ્રનાળ ત્રોડી;
ગયો માળવો દીનજન કેરો, સ્વજન સંબંધીને છોડી રે. **આ શો૦ ૫**
જીવદયા પ્રતિપાળ જૈનીઓ, ધર્મ ધુરંધર ધોરી;
કર કરૂણા તું દૈવ હવેથી, હાથ બધી તુજ દોરી રે. **આ શો૦ ૬**
પણ નહિ દોષ દૈવને દેવો, ભાવી ભાવ થવાનું;
ઉત્પત્તિ સ્થિતિ ને લય સાનો, જન્મ્યું તેહ જવાનું રે. **આ શો૦ ૭**
જ્યાં ભરતી ત્યાં ઓટ થવાનો, જ્યાં છાંયો ત્યાં તડકો;
મૂવા પછી નહિ પુત્ર પાઠવે, કાગળનો એક કટકો રે. **આ શો૦ ૮**
રાગ દ્વેષ તજી ઉપશમ ઝીલે, ભજે સદા પ્રભુ પ્રીતે;
**સાંકળચંદ** અમર આત્મા તે, જન્મ મરણને જીતે રે. **આ શો૦ ૯**

# अमदावादखाते मळेलो श्री संघनो महान् मेळावडो.

( ૨ )

તા. ૨૮-૨૯-૩૦ ડીસેંબર સને ૧૯૧૨ ના રોજ અમદાવાદ મુકામે નગરશેઠ રાવબહાદુર પ્રેમાભાઈ હેમાભાઈ સાહેબના વંડે આખા હિંદુસ્તાનના શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનોનો શ્રી સકળ સંઘ મળ્યો હતો. તેમાં કયા કયા ગામના ગૃહસ્થો પધારેલા હતા તે ગામોના નામોનું બની શક્યું તેટલું લીસ્ટ—

અમદાવાદ. અંકલેશ્વર, અંબાચ, અંબોડ, અંબાસણ, અલીંદરા, આંત્રોલી, આકોલા, અગીઆળી, આખજ, આંતરસુબા, આદ્રજ, આદ્રજ મોટી, આંત્રોલી, અંગારેશ્વર, અડાલજ, અમૃતસર, આબુ, આજોલ, ઈંગોરા, ઈટાદરા, ઈંદરા, ઈંદ્રોડા ( તાબે પેથાપુર ), ઉંઝા, ઉટવા, ઉદેપુર, ઉણાદ, ઉણ ( તાબે રાધનપુર ) એંદ્રણ, એવલા જીલે નાશક, ઓગણજ ( તાબે દસક્રોઈ ), ઓરાણ, ઉનાવા, ઉંદરા, કડી, કલ્લી, કમાણા, કપડવંજ, કલોલ, કન્તપુર, કેડ, કઠોર, કટુસ, કાસીંદ્રા, કાલીઆવાડી, કાગજ (દક્ષીણ), કામલી, કીઓલ, કુવા, કુબડથલ,

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેવાર, કોબા, કોટાર, કોઠ, કોચરીઆ, ખંભાત, ખડાલ, ખરાડી, ખાંધલી, ખાનપુર, ખારડી, ખીવાણંદી, ખીણુજ, ખેડા, ખેરવા (તાબે મેસાણા), ખેરાલુ, ખેમાણા, ખોરજ, ગઢી, ગાજીપર, ગારીઆધાર, ગુંજાલા, ગોધરા, ગોધાવી, ગોઇમા, ગોપાલપુરા, ધડકણ, ઘડી, ઘેડ (તાબે રાધનપુર), ઘોઘા, ચલોડા, ચાણસમા, ચાંખડા. ચીખલા, ચુડા, છબાસર, છાણી, જલાલપુર, જામનગર, જાલોદ, જામરા, જાલીઆનોમઠ, જુનાગઢ, જુનેર, જુલાસણ, જુલાલ, જેતપુર, જેતલપર, ઝીંઝુવાડા, ઝુંડાલ, ઝોણું, ડભાડ (તાબે ખેરાલુ), ડભોડા, ડારોદ, ડીસા, ડેકાવાડા, તડકેશ્વર, તખતગઢ, તાજપુર, ત્રાપજ, તારંગાજી, તેનપુર, થરા, દલાણી (પાદરા), દાસજ, દાણપ, દારદ, દાહોદ, દેલદર, દેગામ, દેથલી, દેવા, ધ્રાંગધ્રા, ધાનેરા, ધુલીઆ, ધોલેરા, ધ્રોલ, ધોલકા, નરોડા, નરસંડા, નડીઆદ, નારદીપુર, નારડા (મારવાડ), નોંધણવદર, નારડીપુર, નાંદેજ, નોદર, પ્રભાસપાટણ, પંચાસર, પરીઆ, પંડાશરૂં, પાદરા, પ્રાંતીજ, પાલણપુર, પાટણ (ગુજરાત), પાનસર, પાલીઆદ; પાર્સોદ્રા, પાલણદા, પારડી, પાદરા, પાલીતાણા, પાનવાડી, પુંજા, પુના, પુંજાપરૂં, પેથાપુર, પેટલાદ, પોખર, ફલોદી, ફુલેત્રા, બઇંગ, બદરખા. બજાણા, બાવલા, બારેજા, બાલવા, બાલક, બારેજડા, બારૂ, બાલાપુર, બાલી (મારવાડ), બારડોલી, બાજવા, બારેજડી, બીડજ, બુહારી, બેચલ, બોટાદ, બોરસદ, ભરૂચ, ભાવનગર, ભાલક, ભાલેજ, ભારઇ, ભાલુશણ, ભોખર, ભવાનીગઢ, મહીજડા, મહુવા, મદીસણા (તાબે વીરમગામ), મનચર, મહુવા બંદર, મહીજ, મસુર, મંડાલી, માણસા, માતર, માલેગામ, મારવાડ, માણેકપુર, માંડલ, મીયાંગામ, મુંબાઈ, મુવાડું (અમરાજીનું), મેસાણા, મોરબી, મોગર, મોહનપુર, મોરવ, મોરૈયા, મોભા, રતલામ, રધવાણજ, રહુજ, રાજપુર (કડીપાસે), રામપુરા, રાધનપુર, રાંધેજા, રાજકોટ, રાસણ, રૂપાલ, રેવાદર, લખતર, લાગણજ, તારાપર (ખંભાત પાસે) લાણા, લીંબડી, લીંબોદરા, લીંચ, લુણાવાડા, વડનગર, વડું (પાદરા પાસે), વડોદરા. વડોદરા (ડભોડા), વસો, વડસમા, વઢવાણ કેમ્પ, વરીઆવ, વડતાલ, વત્રા (તાબે ખંભાત), વરસોડા, વઢવાણ શહેર, વરાડ (ભાલાપુર), વણાદ, વણા, વળા, વરાદ, વજેલ, વાવ, વાંઠાનેર, વાસણા (દાલારણાંનાં), વાસણા (કેલીઆ), વાસણા, વાંસવાડા, વાસકોટ (મારવાડ), વીજાપુર, વીસનગર, વીરવાડા, વીરમગામ, વીરપર, વેડ (તાબે રાધનપુર), વેજલપર, સમી, સરવાળ, સરખેજ, સંધાણા, સરગવાળું, સાંગણપુર, સાણંદ, સાદરા, સાંગલી, સાયલા, સાયમ, રાંતેજ, સાણોદા, સીરોહી, સીણજ, સીતાપુર, સુરત, સુણાવ, સુનાડ, સુદાસણા, ઉરસોલ, હાથીજણ, હાજીપર, હામપર, હોરણ ઇત્યાદિ.

આ મેળાવડો માગશર વદિ ૫-૬-૭ એ ત્રણ દિવસ મળ્યો હતો. તેમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વદિ ૫ મે પસાર થયેલા પ્રથમના ૩ ઠરાવો ટુંકામાં અને અમદાવાદ ખાતે પેઢી કાયમ રાખવા સંબંધી ચોથો ઠરાવ વિસ્તારથી ગયા દશમા અંકમાં આપવામાં આવેલ છે ત્યાર બાદ વદ ૬ ઠ્ઠે પસાર થયેલા ઠરાવો આ નીચે આપવામાં આવેલા છે.

## ઠરાવ ૫ મો.

સ્થાનિક પ્રતિનિધિઓની સંખ્યા ૧૧૮ ની મુકરર કરવામાં આવી છે. તેમાં વહીવટ કરનારા ૯ પ્રતિનિધિઓને પણ અંદર ગણવામાં આવ્યા છે. જે જે સ્થળોના પ્રતિનિધિ નીમવાનું ઠરાવવામાં આવ્યું છે તે તે સ્થળોના સંઘોએ પોતાના સ્થાનિક પ્રતિનિધિઓને મુકરર કરી માસ ત્રણની મુદતમાં તેમના નામ વહીવટ કરનારા પ્રતિનિધિઓ ઉપર લખી મોકલવાં, પરંતુ જો તે મુદતમાં સદરહુ સ્થળોના સંઘો તેમના તરફના સ્થાનિક પ્રતિનિધિઓ તેમના નામ સામે લખેલી સંખ્યામાં નીમી નહીં લખી મોકલે તો તે સ્થળોના સંઘોએ તેમના તરફના સ્થાનિક પ્રતિનિધિઓ નીમવાનો હક ખોયો છે એમ ગણી જે જે સ્થળના સ્થાનિક પ્રતિધિનિઓ ચુંટાઇ લખી મોકલવામાં આવશે તેટલાજ સ્થાનિક પ્રતિનિધિઓ મુકરર થયા છે એમ ગણવામાં આવશે. દરેક સ્થળોની અંદર તેની આસપાસના ગામોનો સમાવેશ ભેળો ગણવો.

નીમાયેલા સ્થળોના નામો ને સંખ્યા નીચે પ્રમાણે—

૫ મુંબાઈ, ૨ અમદાવાદ, ૪ સુરત, ૩ પાટણ, ૩ ભાવનગર, ૧ ભરૂચ, ૧ વડોદરા, ૨ ખેડા, ૨ ખંભાત, ૧ કપડવંજ, ૧ વીરમગામ, ૧ સાણંદ, ૧ મેસાણા ૧ માંડલ, ૧ રાધનપુર, ૨ પાલણપુર, ૧ ઘોઘા, ૧ રાજકોટ, ૧ જુનાગઢ, ૧ માંગરોળ, ૧ પોરબંદર, ૨ જામનગર, ૧ ધોરાજી, ૧ મોરબી, ૧ ધોલેરા, ૨ મુર્શિદાબાદ, ૨ કલકત્તા, ૧ લીંબડી, ૧ માંડવી (કચ્છ), ૧ ભુજ, ૧ અંજાર, ૧ મુદ્રા, ૧ જખૌ, ૨ પુના, ૧ એવલા, ૧ માલેગામ, ૧ સાંગલી, ૧ બાલાપુર, ૧ આમલનેર, ૧ બેલગામ ધારવાડ, ૧ મદ્રાસ, ૧ નીઝામ હૈદ્રાબાદ, ૧ શિવગંજ, ૧ સાદડી, ૧ મડાર, ૧ શીરોહી, ૧ દેલદર, ૧ મંડવારીઆ, ૧ બોટાદ, ૧ પાલીતાણા, ૧ મહુવા, ૧ શીહોર, ૧ વાવ, ૧ જોધપુર, ૧ ઉદેપુર, ૧ બીકાનેર, ૧ ફલોધી, ૧ મીયાંગામ, ૧ લાહોર, ૧ રંગુન, ૧ દમણ, ૧ જુનેર, ૧ ગુજરાનવાળા, ૧ અમૃતસર, ૧ અંબાલા, ૧ ગ્વાલીઅર, ૧ અજમેર, ૧ રતલામ, ૧ દીલ્લી, ૧ આગ્રા, ૧ જેસલમીર, ૧ ઉંઝા, ૧ વેરાવળ, ૧ પ્રભાસપાટણ, ૧ વડનગર, ૧ વીસનગર, ૧ માણસા, ૧ પેથાપુર, ૧ વીજાપુર, ૧ ઇંદોર, ૧ એરણી, ૧ વલસાડ, ૧ નવસારી, ૧ પ્રતાપગઢ, ૧ પ્રાંતીજ, ૧ ધાંગધ્રા, ૧ રાણપુર, ૧ વઢવાણ, ૧ લખતર, ૧ સાયલા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપરના ઠરાવને મોરબીવાળા સંઘવી કીરચંદ સુંદરજીએ તથા રા. રા. વકીલ હરીલાલ મંછારામે ટેકો આપતાં તે સર્વાનુમતે મંજુર થયો.

સુરતવાલા સરાફ ચુનીલાલ છગનલાલે નીચેના બે ઠરાવો રજુ કર્યા.

## ઠરાવ ૬ ઠ્ઠો.

શ્રી શત્રુંજય તથા શ્રી ગીરનારજીનાં ડુંગર તથા તે ઉપરના તથા પાલીતાણા અને તેની આસપાસનાં તથા જુનાગઢ અને તેની આસપાસનાં તથા શ્રી રાણકપુરજી, સાદરી તથા તેની આસપાસનાં જૈન સમુદાયનાં સાર્વજનિક તીર્થો, દેરાસરો તથા ધાર્મિક સંસ્થાઓ વિગેરેના અંગની કે લગતી હરેક પ્રકારની સ્થાવર કે જંગમ મીલ્કત તથા ઉપજ તથા તે સંબંધીનાં સર્વે કામકાજો જેનો હાલ સુધી શેઠ. આણદજી કલ્યાણજીની પેઢી વહીવટ કરેછે તે તેમનાજ વહીવટમાં હવે પછી આગળને માટે પણ કાયમ રાખવા.

## ઠરાવ ૭ મો.

ઉપર લખેલા ડુંગરો, તીર્થો વિગેરે ઉપરાંત આખા હિંન્દુસ્તાનનાં શ્વેતામ્બર મૂર્ત્તિપૂજક જૈન સમુદાયનાં સાર્વજનિક કોઇ પણ ઠેકાણે આવેલા તીર્થો, દેરાસરો વિગેરે દરેકનાં અંગની કે લગતી હરેક પ્રકારની સ્થાવર કે જંગમ મીલ્કત તથા ઉપજનાં સંરક્ષણ અથવા લાભને અર્થે વહીવટ કરનાર પ્રતિનિધિઓનાં ધ્યાનમાં યોગ્ય લાગે તો શેઠ આણંદજી કલ્યાણજીના નામથી અગર બીજું જે નામ તેમને યોગ્ય જણાય તે નામથી તે પેઢીનાં વખતો વખત જે જે વહીવટ કરનાર પ્રતિનિધિઓ હોય તેમને આ ઠરાવથી વહીવટ કરવાનો કુલ અખત્યાર આપવામાં આવે છે.

સદરહુ ઠરાવોને મંજુર કરવાને મુંબાઇવાળા વકીલ રા. રા. મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલ એલ. બી. એ અનુમોદન આપવાથી તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા.

## ઠરાવ ૮ મો.

મુંબાઇ વાલા શેઠ મોહનલાલ હેમચંદે દરખાસ્ત કરી કે ઉપરનાં ઠરાવોમાં જણાવેલા તીર્થો, દેરાસરો તથા ધાર્મિક સંસ્થાઓ વિગેરે સંબંધી સર્વ કામ કાજ કરવાને, નાણા આપવા લેવાને, લેણું વસુલ કરવાને તથા દેવું આપવાને તથા સદરહુ પૈકી જે સંસ્થાનું હિત કે સંબંધ હોય તેને માટે અને તેના તરફથી સર્વ પ્રકારનો ખર્ચ કરવાને તથા હરેક પ્રકારના દસ્તાવેજ કે પાવતીઓ લખાવી લેવાને અગર લખી આપે તેના ઉપર સહી કરવાને તથા એવી દરેક સંસ્થાનો ભંડાર, નાણા, સીલક, દાગીના, કપડાં વિગેરે જે જંગમ યા સ્થાવર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગીફકત હોય તે પોતાનાં અખ્ત્યારમાં રાખવાને તથા તેવી દરેક સંસ્થાના હિતને ખાતર તેમાં સુધારો વધારો કે ફેરફાર કરવાને તથા સર્વ સરકારી કોર્ટો કે કચેરીઓમાં અરજી કે કેસોમાં શેઠ આણંદજી કલ્યાણજીના અગર તે સંસ્થાને લગતું જે નામ ચાલતું હોય તે નામથી સહી કરવાને તથા કેસો ચલાવવાને તથા વકીલ, બેરીસ્ટર, એટર્ની કે મુખ્ત્યાર નીમવાને અને સાધારણ રીતે ઉપરની સંસ્થાનો વહીવટ કરવાના સંબંધમાં તેમજ જાત્રાલુઓના હિત અગર સગવડતાના કારણસર યોગ્ય લાગે તે ખર્ચ કરવા તથા બીજું જે જે કામ કરવાને તેમને જરૂર લાગે તે સર્વ કરવાને આખા હિન્દુસ્તાનનો સકલ સંઘ અગર જે તે સ્થલનો સંઘ જેમને કાયદેસર જે જે કામ કરવાનો અખત્યાર છે અને હોય તે સર્વ કામ કરવાને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના વખતે વખત જેજે વહીવટ કરનાર પ્રતિનિધિઓ હોય તેમને સર્વેને કે તેમની મીટીંગ મળીને ઠરાવે તે એક અગર એકથી વધારે વહીવટ કરનાર પ્રતિનિધિને કુલ અખત્યાર આપવામાં આવેછે.

આ દરખાસ્તને મુંબાઇવાળા વકીલ રા. રા. શાહ ત્રીભોવનદાસ ઓધવજી બી. એ. એલએલ. બી. એ ટેકો આપતાં તે સર્વાનુમતે પસાર કરવામાં આવી.

## ઠરાવ ૯ મો.

પ્રભાસપાટણવાળા શેઠ પ્રેમજી રામચંદે ઠરાવ રજુ કર્યો કે—

પોતાના વહીવટમાંની કોઇપણ સંસ્થાનાં નાણાં પોતાના વહીવટમાં ન હોય એવાં કોઇપણ તીર્થ અગર દેરાસર હિન્દુસ્તાનમાં ગમે તે ઠેકાણે હોય તેનાં સંરક્ષણ કે લાભને અર્થે ખરચ કરવાનું વહીવટ કરનાર પ્રતિનિધિઓને યોગ્ય જણાય તો ૧૫૦૦૦) સુધી ખર્ચખાતે લખીને કે નામે લખીને આપવાનો અગર ખર્ચ કરવાનો શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના વખતે વખત જે જે વહીવટ કરનાર પ્રતિનિધિઓ હોય તેમને અધિકાર આપવામાં આવે છે. તે ઉપરાંત રકમ આપવાની કે ખર્ચવાની જરૂર જણાય તો તે બાબત સ્થાનિક પ્રતિનિધિઓની મીટીંગની મેજોરીટીની સંમતિ મેળવી ખર્ચવા અગર આપવાનો અધિકાર છે.

ઉપરના ઠરાવને સુરતવાળા શા. રતનચંદ ખીમચંદે ટેકો આપતાં તે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યો.

## ઠરાવ ૧૦ મો.

પોતાના વહીવટમાંની કોઇપણ સંસ્થાનાં નાણાં પોતાના વહીવટમાંની બીજી કોઇ સંસ્થાને તે સંસ્થાના સંરક્ષણ કે લાભને અર્થે તેમજ જાત્રાળુઓના હિત અગર સગવડના કારણસર ખર્ચખાતે લખીને કે નામે લખીને રૂ. ૨૦૦૦૦) સુધી આપવાનો શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના વખતે વખત જે જે વહીવટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરનાર પ્રતિનિધિઓ હોય તેમને અધિકાર આપવામાં આવે છે. પરંતુ તે ઉપરાંત વધારે રકમની જરૂર હોય તો સ્થાનિક પ્રતિનિધિઓની મીટીંગની મેજોરીટીની સંમતિ મેળવી આપવા અધિકાર છે.

દરખાસ્ત કરનાર—મુંબાઇવાળા શેઠ હરીચંદ થોભણભાઇ.

ટેકો આપનાર—મુંબાઇવાળા ઘડીઆળી સાકરચંદ માણેકચંદ,
ભાવનગરવાળા વોરા જગજીવન અમરચંદ તથા
શા. કુંવરજી આણંદજી.

આ ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો.

## ઠરાવ ૧૧ મો.

શેઠ બાલાભાઇ દલસુખરામ કપડવંજવાળાએ ઠરાવ રજુ કર્યો કે—

તારિખ ૧૨ મી માર્ચ સને ૧૯૧૨ સંવત ૧૯૬૮ ના ફાગણ વદ ૯ મંગળવારના રોજ સ્થાનિક પ્રતિનિધિઓની મળેલી મીટીંગમાં શ્રી સમેતશિખરજી બાબતમાં નીચે પ્રમાણે ઠરાવ થયો છે—

" રાય સાહેબ બદ્રીદાસજી બહાદુર કલકત્તેથી અત્રે પધારેલા છે. તેમણે મહા પ્રયત્ને શિખરજીના તીર્થ માટે જે ઠરાવ કર્યો છે તે હકીકત શેઠ વલભજી હીરજીએ રાય સાહેબની વતી અત્રે નીચે પ્રમાણે જાહેર કરી કે—પાલગંજના રાજાના શિખરજી ઉપરના તમામ હકનું કાયમનું લીસ લેવા માટે રૂ. ૨૪૨૦૦૦) એક વાર રોકડા આપવા તથા દરવર્ષે રૂ. ૪૦૦૦) આપવા તેમાં જે રૂ. ૧૫૦૦) પંદરશે શ્રી શિખરજીના કારખાના તરફથી અપાય છે તે ગણવા. અને પાલગંજના રાજાના હક તરીકે ડુંગરની જે ઉપજ આવે તે આપણે લેવી. આ સંબંધે ગવર્નમેન્ટમાં મંજુરી માટે અરજ કરી છે તે અરજ મંજુર થયેથી ઉપરની રકમ તથા તે શિવાય વકીલ વિગેરે બીજા ખર્ચ માટે રૂપીઆ ૧૫૦૦૦) પંદર હજાર સુધી જરૂર પડે તેમ છે. આ હકીકત ઉપરથી મી. માણેકલાલ ઘેલાભાઇએ દરખાસ્ત કરી તથા મી. અંબાલાલ બાપુભાઇએ ટેકો આપ્યો કે આ કામ ઘણુંજ સારૂં છે તેથી ઉપર જે રકમ જણાવી છે તે રકમ શેઠ આણંદજી કલ્યાણજીએ સમેતશિખરજીના તીર્થ ખાતે લખીને આપવી. અને તે બાબત જે જે જરૂર અને યોગ્ય લાગે તે સર્વે કામ કરવા વહીવટ કરનાર પ્રતિનિધિઓને સત્તા આપવી. તેમજ આ કામ બદલ રાય બદ્રીદાસજી બહાદુરને ધન્યવાદ આપવો. "

ઉપર પ્રમાણેનો ઠરાવ અત્રે પણ મંજુર કરવામાં આવે છે અને ઠરાવવામાં આવે છે કે તે ઠરાવમાં જણાવેલી સરતોમાં અથવા રકમમાં કાંઈ ઓછું વધતું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવાનું અગર ફેરફાર કરવાનું વહીવટ કરનાર પ્રતિનિધિઓને યોગ્ય લાગે તો તેમ પણ કરવાની તેમને સંપૂર્ણ સત્તા આપવામાં આવે છે.

સદરહુ ઠરાવને વીજાપુર વાળા શાહ મગનલાલ કંકુચંદે ટેકો આપતાં તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો.

## ઠરાવ ૧૨ મો.

વડોદરાવાળા શેઠ લાલભાઈ કલ્યાણભાઈ ઝવેરીએ ઠરાવ રજુ કર્યો કે—

શ્રી પાલીતાણે દરસાલ જાત્રાળુઓ તરફથી જે વાર્ષિક ઉપજ આવે છે, તેમાંથી ભંડાર ખાતે જે ચોખી ઉપજ રહે તેમાંથી આઠ આની સુધીની રકમ વહીવટ કરનાર પ્રતિનિધિઓની કમીટીને યોગ્ય લાગે તેવાં બીજાં તીર્થો તથા બીજા સ્થળોનાં દેરાસરોના જીર્ણોદ્ધાર ખાતે વાપરવાને સદરહુ પેઢીના વખતે વખતના વહીવટ કરનાર પ્રતિનિધિઓને અધિકાર આપવામાં આવે છે પરંતુ તે કરતાં વધારે રકમ ખર્ચવા જરૂર જણાય તો સ્થાનિક પ્રતિનિધિઓની મીટીંગની મેજોરીટીની સમંતિ મેળવી ખર્ચવા અધિકાર છે.

સદરહુ ઠરાવને મીયાંગામવાળા શેઠ નેમચંદભાઈ પીતાંમ્બરદાસે ટેકો આપતાં તે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યો.

## ઠરાવ ૧૩ મો.

પુનાવાળા શેઠ વીરચંદ કૃષ્ણાજીએ ઠરાવ રજુ કર્યો કે—

પોતાના વહીવટમાંની કોઇ પણ સંસ્થાનાં નાણા જે તે વખતે અમલમાં હોય તે ઇન્ડીઅન ટ્રસ્ટ એકટમાં લખ્યા પ્રમાણેની સીકયોરીટીમાં તથા પ્રેસીડન્સી બેન્ક અથવા બેન્કોમાં અથવા તેની શાખાઓમાં રોકવાં તે શિવાય બીજી કોઈ જગ્યાએ રોકવાં કે ધીરવાં નહીં અને વહીવટ કરનાર પ્રતિનિધિઓમાંથી ત્રણ અગર વધારે નામે રાખવાં.

સદરહુ ઠરાવને મુંબઇવાળા ઝવેરી મોહનભાઈ મગનભાઇએ અનુમોદન આપતાં તે સર્વાનુમતે મંજુર થયો.

## ઠરાવ ૧૪ મો.

કપડવંજવાળા શેઠ જેસીંગભાઇ પ્રેમચંદે ઠરાવ રજુ કર્યો કે—

દર સાલ હીસાબ તપાસવા સારૂ બે અથવા વધારે ઑડીટરો સ્થાનિક પ્રતિનિધિઓની મીટીંગ વખતે મુકરર કરવા અને દરસાલ ઑડીટરોએ તપાસેલો હીસાબ સ્થાનિક પ્રતિનિધિઓની મીટીંગમાં વહીવટ કરનાર પ્રતિનિધિઓએ રજુ કરવો તથા વહીવટ કરનાર પ્રતિનિધિઓએ તે સાલમાં કરેલાં મહત્વનાં કામોનો વાર્ષિક રીપોર્ટ રજુ કરવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સદરહુ ઠરાવને મુંબાઇ વાળા મારવાડી સંઘના આગેવાન શેઠ વજીંગજી હીરાજીએ ટેકો આપતાં તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો.

## ઠરાવ ૧૫ મો.

કોઈ પણ માણસ કોઇ પણ જૈન તીર્થ અગર દેરાસરનો અગર કોઇ જૈન ધાર્મિક સંસ્થાના વહીવટનો હીસાબ ન આપતો હોય અથવા તેના કબજાની તેવા પ્રકારની મીલ્કત ન સોંપતો હોય તે કારણથી તેને જે તે સ્થળના સંઘે સંઘમાંથી દૂર કર્યો હોય અને તે સંઘવાળા આ પેઢી ઉપર લખી મોકલે અને આ પેઢી તેને હીસાબ આપવાને તથા મીલ્કત સોંપવાને કહે તે છતાં તે પ્રમાણે તે ન વર્તે અગર તેનો વાસ્તવિક ખુલાસો ન આપે તો વહીવટ કરનાર પ્રતિનિધિઓ સ્થાનિક પ્રતિનિધિઓની મીટીંગની મેજોરીટીના મત પ્રમાણે તેને હિન્દુસ્થાનના સકલ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ બહાર મૂકી શકે અને તે ઉપરથી તે માણસ હિન્દુસ્થાનના સકલ સંઘની બહાર છે એમ ગણવું. આવી રીતે હિન્દુસ્થાનના સકલ સંઘ બહાર મુકાયેલો સક્ષ વહીવટ કરનાર કે સ્થાનિક પ્રતિનિધિ થઇ શકશે નહી અને હશે તો તે કમી થયો છે એમ ગણવામાં આવશે.

દરખાસ્ત કરનાર રા. રા. નરસીદાસ નથુભાઈ સાયલાવાળા.

ટેકો આપનાર શેઠ દીપચંદ પુલચંદ ખંભાતવાળા.

આ ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો.

## ઠરાવ ૧૬ મો.

ભાવનગરવાળા શેઠ નરોતમદાસ ભાણજીએ ઠરાવ રજુ કર્યો કે—

વહીવટ કરનાર પ્રતિનિધિઓને ઉપરના ઠરાવો પ્રમાણે વહીવટ કરવાના દરમ્યાન કાંઇ અડચણ પડે તો અગર જરૂર જણાય તો તે હકીકત સ્થાનિક પ્રતિનિધિઓને જાહેર કરી તેમની મીટીંગના બહુ મત પ્રમાણે જે ઠરાવ થાય તે પ્રમાણે તેમણે વર્તવું અને તે ઠરાવ આખા હીંદુસ્થાનના સકળ સંઘે કરેલો છે એમ ગણવું.

સદરહુ ઠરાવને વીજાપુરવાળા શેઠ ભીખાભાઇ લલુભાઇએ ટેકો આપતાં તે સર્વાનુમતે મંજુર થયો.

## ઠરાવ ૧૭ મો.

સદરહુ પેઢીના વહીવટ કરનાર અથવા સ્થાનિક પ્રતિનિધિઓ જે જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક હશે તેજ થઇ શકશે. પરંતુ નીચે લખેલા સક્ષો સદરહુ પેઢીના વહીવટ કરનાર કે સ્થાનિક પ્રતિનિધિઓ થઈ શકશે નહી.

૧ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજકપણાની શ્રદ્ધા ન હોય તે.

૨ નામદાર બ્રીટીશ સરકારનો રાજદ્રોહી ઠરી શિક્ષા થઈ હોય તે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩ જે કોઈને ચોરી, વિશ્વાસઘાત અગર બીજા ભયંકર ગુન્હા બદલ કેદની સજા થઈ હોય તે.

૪ દીવાનો. ૫ સગીર. ૬ સ્ત્રી.

જે વહીવટ કરનાર અથવા સ્થાનિક પ્રતિનિધિને તેનાં નીમાયા પછી ઉપર લખેલી પેટા કલમો ૧-૨-૩-૪ પૈકી કોઈ કલમ લાગુ પડશે તો તે તેજ વખતથી વહીવટ કરનાર અથવા સ્થાનિક પ્રતિનિધિ તરીકે બંધ પડ્યો છે એમ ગણવું.

દરખાસ્ત કરનાર—વકીલ રા. રા. કેશવલાલ અમથાલાલ, બી. એ. એલ-એલ. બી. અમદાવાદવાળા.

ટેકો આપનાર—શાહ ચંદુલાલ હીરાચંદ અમદાવાદવાળા.

આ ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો.

## માગશરવદિ ૭ મે થયેલા ઠરાવો.

### ઠરાવ ૧૮ મો.

ભાવનગર વાળા શા. કુંવરજી આણંદજીએ ઠરાવ રજુ કર્યો કે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને લગતાં તથા શ્રાવક સમુદાય તરફના સર્વે કામકાજ તથા કોઇ પણ રીતે તેની સાથે લાગતાં વળગતાં શ્રાવક સમુદાય તરફનાં સર્વે કામ નીચે લખેલા અમદાવાદના નવ ગૃહસ્થો જેમને સમુદાય મજકુરના વહીવટ કરનાર પ્રતિનિધિઓ કહેવામાં આવશે તેમની બનેલી એક કમીટીએ આજથી કરવાં.

નગરશેઠ કસ્તુરભાઇ મણિભાઇ
શેઠ અંબાલાલ સારાભાઇ
શેઠ મનસુખભાઇ ભગુભાઇ
શેઠ મણિભાઇ દલપતભાઇ
શેઠ દલપતભાઇ મગનભાઇ
શેઠ લાલભાઇ ત્રીકમલાલ.
ઝવેરી વાડીલાલ વખતચંદ
વકીલ સાંકળચંદ રતનચંદ
વકીલ હરીલાલ મંછારામ

વખતે વખત જે જે વહીવટ કરનાર પ્રતિનિધિઓ હશે તે તેમના હુદ્દાની રૂએ સ્થાનિક પ્રતિનિધિઓ પણ ગણાશે.

સદરહુ ઠરાવને પુનાવાળા શાહ વીરચંદ કૃષ્ણાજીએ ટેકો આપતાં તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો.

### ઠરાવ ૧૯ મો.

ભાવનગરવાળા વોરા અમરચંદ જસરાજે ઠરાવ રજુ કર્યો કે—

ઉપર લખેલા ઠરાવોથી તા. ૧૯ સપ્ટેમ્બર સને ૧૮૮૦ ની સાલની સ્કીમમાં જે ફેરફાર કરવામાં આવ્યા તે સિવાય બીજી બધી બાબતોમાં મજકુર તા. ૧૯ સપ્ટેમ્બર સને ૧૮૮૦ સાલની સ્કીમ કાયમ છે એમ સમજવું.

ઉપરના ઠરાવને અનુમોદન આપતાં તેમાં એવલાવાળા શાહ દામોદરદાસ બાપુશાએ નીચેનો સુધારો મુકયો—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"તીર્થના હકો જાળવવાને અંગે તેમજ ચાલુ વહીવટના અંગે વહીવટ કરનાર પ્રતિનિધિઓને આપેલી સત્તા સિવાયના કામને સંબંધે તેમજ આપેલી સત્તામાં રૂલ વિરૂદ્ધ કાર્ય થતું હોય તો તે સંબંધે સ્થાનિક તથા વહીવટ કરનાર પ્રતિનિધિઓનું મંડળ એકત્ર મળે ત્યારે બહુમતે યા સર્વાનુમતે જે ઠરાવ કરે તેનો વહીવટ કરનાર પ્રતિનિધિઓએ અમલ કરવો."

સદરહુ સુધારાને માલેગામવાળા શાહ. બાલચંદ હીરાચંદે અનુમોદન આપતાં વોરા અમરચંદ જસરાજે પોતાના ઠરાવમાં તે સુધારો સ્વીકાર્યો અને ભાવનગરવાળા શા. કુંવરજી આણંદજીએ સદરહુ ઠરાવને ઉપરના સુધારા સાથે ટેકો આપતાં સદરહુ ઠરાવ સુધારા સાથે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો.

ઉપર પ્રમાણેના ઠરાવો થયા બાદ આ મેળાવડાનું કામ સંપૂર્ણ થયું હતું. પછી પરસ્પરનો આભાર માનવાના તેમજ આ મેળાવડાને અંગે કામકાજ કરનારા ગૃહસ્થોનો આભાર માનવાના ઠરાવો થયા હતા.

ત્યારબાદ પ્રમુખ સાહેબે પોતાનું ભાષણ વાંચ્યું હતું કે જેની અંદર સઘળી હકીકતનો ટુંકામાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. પ્રાંતે પ્રમુખ સાહેબ **નગરશેઠ કસ્તુરભાઈ મણિભાઇનો** આભાર માનવાની દરખાસ્ત **શેઠ કલ્યાણચંદ સોભાગચંદે** કરી હતી. તેને ઘણા ગૃહસ્થો તરફથી ટેકો આપવામાં આવ્યો હતો. આ **ઠરાવ ૨૦ મો** ગણવામાં આવ્યો હતો અને ત્યારબાદ આદીશ્વર ભગવાનની જય બોલાવીને મેળાવડો વિસર્જન કરવામાં આવ્યો હતો.

# सेरीसा.

અમદાવાદથી મેસાણા જતાં માર્ગમાં આવતા **કલોલ** સ્ટેશનથી **સેરીસા** ગામ અઢી ગાઉ લગભગ દૂર થાય છે. ત્યાં જવા માટે ગાડી વિગેરે વાહનો મળી શકે છે. કલોલવાળા **ગોરધનદાસ માસ્તર** કે જે ત્યાંના શ્રાવકોમાં અગ્રણી છે તે ત્યાં જવાની ગોઠવણ કરી આપે છે. સેરીસામાં માત્ર બે ત્રણ ઘરજ શ્રાવકના છે. એ ગામ ગાયકવાડ સરકારને તાબે કડીપ્રાંતમાં આવેલું છે. ત્યાં હાલમાં એક બાવન જિનાળયવાળું દેરાસર નીકળ્યું છે. તે દેરાસર તદન પડી ગયેલું અને ધુળમાં દટાઇ ગયેલું તે ગયા વરસના ભારે વરસાદથી ધુળ ધોવાઇ જવાને લીધે દૃષ્ટિએ પડયું છે. તેની અંદરથી પાંચ, છ ને સાત સાત ફુટની ઉંચાઇના પર્યંક આસનવાળા અને કાયોત્સર્ગ મુદ્રાવાળા જિનબિંબો નીકળ્યા છે. હજુ બીજા ઘણા બિંબો નીકળવાનો સંભવ છે. નીકળેલા બિંબોમાં કેટલાક આરસના છે. અને કેટલાક વિલક્ષણ રીતે કોઇ પ્રકારની મેળવણીથી બનાવ્યા હોય તેવા દેખાય છે. તેમાં કેટલાક ખંડિત થયેલા અથવા કરેલા છે અને કેટલાક અખંડ છે. એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતિમાના પરઘરનો નીચેનો ભાગ તદન શુદ્ધ આરસનો ઉંચી કારીગરીવાળો નીકળ્યો છે. તેની જમણી બાજુનો એક નાનો કકડો તરતમાં મળી શકયો નથી. તે પરઘરમાં નીચે ઘણા સુંદર શાસ્ત્રી અક્ષરોવાળો લેખ છે. અને તે બરાબર વાંચી શકાય છે. તેની અંદર સંસ્કૃત ભાષામાં લખેલું છે કે—" **શ્રી પાર્શ્વનાથ મહાતીર્થે** શ્રી નેમીનાથ જિનેશ્વરના બિંબ **વસ્તુપાળ તેજપાળે** પોતાના મોટા ભાઈના શ્રેય માટે પધરાવ્યા છે. તેની **નાગેંદ્ર ગચ્છીય શ્રી વિજયસેન સૂરિએ** પ્રતિષ્ઠા કરાવી છે." આ પરઘરનો ઉપરનો ભાગ અને તેના પ્રતિમાજી વિગેરે હજુ શોધવાનું બાકીમાં છે.

દેરાસરવાળી જગ્યાએ જોતાં ગર્ભગૃહનો ઉંબરો ઉંચા આરસનો પડેલો છે. ગર્ભગૃહના ચારે ખુણા દેખાઇ આવે છે, તેમજ રંગમંડપ કેવડો હશે તે પણ જણાય છે. ફરતી દેરીઓની આગળ પાછળની હદ પણ દેખાય છે. આ તમામ જમીન વેચાણ ખરીદ કરવાનો પ્રયત્ન ચાલે છે. તે સિદ્ધ થયા બાદ ત્યાં ખોદાણ કરાવીને તપાસ કરાવવાનો છે. આ દેરાસરની ફરતાં બીજા દેરાસરો હોવાનો સંભવ જણાય છે. અનેક ઠેકાણે એવા ટેકરા છે કે જે પડી ગયેલા જિનમંદિરોના હોવાનો સંભવ તેની અંદરથી નીકળતા પ્રતિમાના આકારવાળા પાષાણો, પ્રતિમાના અંગોપાંગો તેમજ થાંભલાની કુંભીઓ વિગેરેથી જણાય છે. આવા પાષાણો ગાઉ બે ગાઉ સુધી દ્રષ્ટિએ પડતા હોવાથી અગાઉ અહીં મોટું શહેર હશે અને તેની અંદર ઘણા જિમમંદિરો હશે, તેમજ શ્રી પાર્શ્વનાથ પરમાત્માનું અહીં મોટું તીર્થ તેમના મહાન્ ચૈત્યાદિ કારણથી હશે એમ જણાય છે. આ બાબતની વિશેષ શોધખોળ તે બાબતના અભ્યાસીને રાખીને કરાવવાની આવશ્યકતા છે. એકંદર પાનસર અને સેરીસા એકજ શહેરના વિભાગ હોય તેમ જણાય છે. પાનસર ત્યાંથી ૪–૫ ગાઉ દૂર છે.

આ તમામ જમીન ખરીદ કરવા માટે, તેની અંદર શોધખોળ કરવા માટે અને પછી યોગ્ય સ્થાનકે જિનમંદિર બંધાવી તેમાં નીકળેલા બિંબો પૈકી અખંડિત હોય તે પધરાવવા માટે તમામ ખર્ચ કરવાની શેઠ જમનાભાઇ ભગુભાઇએ પોતાતરફથી કલોલવાળા ગોરધનદાસ માસ્તરને પરવાનગી આપી છે.

હાલ તો આ જગ્યા પણ એક નવીન તીર્થ જેવી થઇ પડી છે. ત્યાં અમદાવાદ વિગેરેથી ઘણા શ્રાવક ભાઇઓ તેમજ મુનિરાજ વિગેરે દર્શન નિમિત્તે જાય છે. એક ઘર ખરીદ કરી તેમાં નીકળેલા જિનબિંબો પધરાવવામાં આવ્યા છે અને તેની સેવા પૂજા કરવાનું પણ સાધારણ રીતે શરૂ કરવામાં આવ્યું છે. શોધક મનુષ્યોને આ જગ્યા ખાસ જોવાલાયક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## મુલતાન ખાતે મળેલી

# आठमी जैन श्वेताम्बर कोन्फरन्स.

### માહ શુદિ ૧૪-૧૫-વદ ૧.

### તા. ૧૯, ૨૦, ૨૧ ફેબ્રુઆરી. બુધ, ગુરૂ, શુક્ર.

આ કોન્ફરન્સ બહુ ટુંકા દિવસના વિચારથી એકાએક મેળવવામાં આવી હતી. તેનું કામકાજ ચીફ સેક્રેટરી **શેઠ જવાહીરલાલ જૈની** સીકંદરાબાદ-વાળાએ બહુ સંતોષકારક બજાવ્યું છે. સ્વાગત કમીટીના પ્રમુખ તરીકે **શેઠ બેલીરામ બળદેવદાસને** નીમવામાં આવ્યા હતા અને કોન્ફરન્સના પ્રમુખ તરીકે અમૃતસરનિવાસી **શેઠ પન્નાલાલજી જોહરીને** નીમવામાં આવ્યા હતા. તેઓ સાહેબ તા. ૧૯ મી એ પધાર્યા હતા. તેમનું સામૈયું ઘણા આડંબરથી કરવામાં આવ્યું હતું.

શ્રી સંઘના આમંત્રણો બહુ ટુંકા દિવસમાં રવાને કરવામાં આવ્યા હતા. ન્યુસપેપરની અંદર પણ આમંત્રણો છપાવવામાં આવેલ હતા. પરંતુ દિવસો થોડા હોવાથી ડેલીગેટની ચુંટણી કાઠીઆવાડ ગુજરાતમાં કોઈકજ સ્થળે કરવામાં આવી હતી. જવાનો રસ્તો લંબાણ હોવાથી, ઋતુ શીયાળાની હોવાથી અને દિવસો ટુંકા હોવાથી ગુજરાત કાઠીઆવાડમાંથી ઘણું કરીને કોઇપણ ડેલીગેટ જઇ શકયું નથી. કોન્ફરન્સ પ્રત્યે દીલસોજી ધરાવનાર ગૃહસ્થોના તારો ગયાં હતા. અને મારવાડ, મેવાડ, પંજાબ વિગેરે નજીકના ભાગોમાંથી ઘણા ભાઇઓ ગયા હતા. કલકત્તાથી **બાબુ સાહેબ રાયકુમારસિંહજી** પધાર્યા હતા. આગ્રાના ગૃહસ્થો પધાર્યા હતા. કોન્ફરન્સ માટે મંડપ સુંદર બાંધવામાં આવ્યો હતો. દરવખતના પ્રમાણમાં મનુષ્યની સંખ્યા ઓછી જણાતી હતી. કારણ કે ત્યાં આવેલ ગૃહસ્થો પૈકી પણ કેટલાએક પ્રતિષ્ટા મહોચ્છવમાં રોકાયેલા રહેતા હતા. પ્રતિષ્ટાનું કાર્ય પણ બહુ આનંદથી થયું હતું.

## પહેલો દિવસ.

### તા. ૧૯-૨-૧૩ માહ શુદિ ૧૪ બુધવાર.

પ્રમુખ સાહેબ વિગેરે પધાર્યા બાદ શરૂઆતમાં ગુજરાનવાળા અને હુશીયાર-પુરની જૈનભજનમંડળીએ ધાર્મિક વિષયને લગતા ભજનોથી મંગળાચરણ કરીને શ્રોતાઓને પ્રસન્ન કર્યા હતા. ત્યારબાદ સ્વાગત કમીટીના પ્રમુખ **શેઠ બેલીરામે** પોતાનું ભાષણ વાંચી સંભળાવ્યું હતું અને પધારેલા પ્રતિનિધિઓનો સત્કાર કર્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારબાદ મીરતનિવાસી **બાબુ કીર્ત્તિપ્રસાદ** બી. એ. એલ.એલ. બી. એ દરખાસ્ત કરી કે 'આઠમી કોન્ફરન્સની ત્રણ દિવસની બેઠકમાં અમૃતસરનિવાસી **શેઠ પન્નાલાલજી જોહરીને** પ્રમુખ નીમવા.' તેને દીલ્લીવાળા **લાલા દલેલસિંઘે** ટેકો આપ્યો હતો અને **લાલા જવાહીરલાલ જૈનીએ** અનુમોદન આપ્યું હતું. ત્યારબાદ શેઠ પન્નાલાલજીએ પ્રમુખ સ્થાન લીધા પછી પોતાની તરફનું કોન્ફરન્સની ફરજ સૂચવનારૂં તેમજ કરવા યોગ્ય ઠરાવો સંબંધી વિચારો દર્શાવનારૂં ભાષણ વાંચી સંભળાવ્યું હતું.

ત્યારબાદ સુમારે ૫૦ ગૃહસ્થોની સબજેક્ટ કમીટી નીમવામાં આવી હતી. તેમણે રાત્રે એકઠા મળીને બીજા ને ત્રીજા દિવસે કરવાના ઠરાવો મુકરર કર્યા હતા.

## બીજો ને ત્રીજો દિવસ.

### મહા શુદિ ૧૫ ને વદિ ૧. તા. ૨૦-૨૧ ગુરૂ ને શુક્ર.

આ બે દિવસોની બેઠકમાં નીચે જણાવેલા ૧૭ ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા. તે ઠરાવો મુકનારને ટેકો આપનારનાં નામો તરતમાં ન મળી શકવાથી અત્રે આપી શકાણા નથી.

### ઠરાવ ૧ લો.

જે ન્યાયી બ્રિટીશ શાસનની શિતળ છાયા નીચે આપણે આપણા ધર્મનું નિર્વિઘ્ને પાલન તથા પ્રચાર કરીએ છીએ તે બ્રિટીશ સામ્રાજ્યના અધીશ વર્તમાન સમ્રાટ્ શ્રીમાન્ પંચમ જ્યોર્જ તથા સમ્રાજ્ઞી શ્રીમતી મેરીને આ કોન્ફરન્સ અંતઃકરણપૂર્વક અભિનંદન આપે છે, અને સર્વદા સામ્રાજ્યની અભિવૃદ્ધિ ચાહે છે તથા ભારતની પ્રજાને જે નવા હકો આપવામાં આવ્યા છે તે માટે કૃતજ્ઞતા પ્રદર્શિત કરે છે.

### ઠરાવ ૨ જો.

ભારતવર્ષના લોકપ્રિય વાઇસરાય લોર્ડ હાર્ડિંજ ઉપર જે નરાધમે બોમ્બ ફેંકીને તેમને અસહ્ય કષ્ટ પહોંચાડ્યું છે, તે દુષ્ટપ્રતિ આ જૈન શ્વેતાંબર કોન્ફરન્સ અત્યંત ઘૃણા પ્રકટ કરે છે અને તે દુષ્ટનો મનોરથ સિદ્ધ થયો નહિ તે માટે હર્ષ દર્શાવી શાસનાધિષ્ટાત્રી દેવની તે પ્રાર્થના કરે છે કે નામદાર વાઇસરાયને શિઘ્ર આરોગ્યલાભ પ્રાપ્ત થાઓ.

### ઠરાવ ૩ જો.

અમદાવાદ નિવાસી શેઠ લાલભાઇ દલપતભાઇ,નગરશેઠ ચીમનભાઇ લાલભાઇ, શેઠ મનસુખભાઇ ભગુભાઇ, શેઠ મણીભાઇ જેસીંગભાઇ, હુશીયારપુર નિવાસી લાલા મહેરચંદજી, ભરૂચ નિવાસી શેઠ અનુપચંદ મલુકચંદ અને ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિવાસી શેઠ ત્રીભોવનદાસ ભાણજીના અકાળ મૃત્યુ માટે આ જૈન કોન્ફરન્સ અત્યંત શોક પ્રગટ કરે છે અને તેમના આત્માઓને પરલોકમાં શાન્તિ મળો એમ ચાહે છે.

## ઠરાવ ૪ થો.

આ કોન્ફરન્સ નામદાર સરકારને પ્રાર્થના કરેછે કે જેવી રીતે મુસલમાન કોમને લેજીસ્લેટીવ કાઉન્સીલ અને પ્રાંતિક ધારાસભામાં સ્વતંત્ર સભાસદ મોકલવાનો હક પ્રાપ્ત થયો છે તેવી રીતે કમમાં કમ એકેક સભાસદ મોકલવાનો હક જૈન કોમને મળવો જોઇએ. કેમકે જૈન કોમને પોતાના તિર્થસ્થાનોની રક્ષાને માટે ધારાસભાઓમાં સભાસદ મોકલવાના હકની જરૂરીઆત છે.

## ઠરાવ ૫ મો.

આપણી જૈન ગ્રેજ્યુએટ એસોસીએશનની દરખાસ્તને મુંબઈના ના. ગર્વનરે મંજુર કરીને પર્યુષણના આઠ દિવસો, તેમજ કાર્તિક તથા ચૈત્ર પોર્ણીમાના બે પર્વદિનો તથા જૈન સાંપ્રદાયીક તહેવારો પ્રસિદ્ધ કર્યા છે. તેમાંથી પર્યુષણાના બે દિવસોને જાહેર તહેવાર તરીકે પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતા. પરંતુ ઇ. સ. ૧૯૧૩ માં તે બંધ કરી દીધું છે. તેથી આ કોન્ફરન્સ મુંબઈની સરકારને પ્રાર્થના કરે છે કે તે ફરીથી જાહેર તહેવાર ગણવાની પ્રથા શરૂ કરે.

## ઠરાવ ૬ ઠ્ઠો.

આપણી જાતિમાં આજ કાલ કન્યા વિક્રય, બાળ વિવાહ, વૃધ વિવાહ, વેશ્યાનો નાચ, હાથી દાંતના ચુડા પહેરવા, મરણ પાછળ રોવું કુટવું અને નાતો જમાડવી, મિથ્યા પર્વો માનવા, એક સ્ત્રી છતાં તેના ઉપર બીજી સ્ત્રી કરવી, ફટાણા ગાવા, વગેરે જે હાનીકારક રિવાજો પ્રચલિત છે તે તમામને સર્વથા છોડી દેવા આ કોન્ફરન્સ દરેકને આગ્રહ કરે છે.

## ઠરાવ ૭ મો.

આ કોન્ફરન્સ જૈન ભાઇઓને પ્રાર્થના કરે છે કે આપણી કોમના બાળક બાળકીઓને ધાર્મિક અને વ્યવહારિક શિક્ષણ આપવાને માટે નાનાં મોટાં ગામોમાં પાઠશાળાઓ, બોર્ડિંગ હાઉસ તથા પુસ્તકાલયોની સ્થાપના કરી આપણાં બાળકોને હરેક પ્રકારની વિદ્યાથી વિભૂષિત કરવાની કોશીસ કરવી. શિક્ષણને માટે સંસ્કૃત અને માગધી ભાષાનાં પુસ્તકોનું અનુભવી વિદ્વાનોદ્વારા પોતપોતાની ભાષામાં ભાષાંતર કરાવવું. જૈન સાહિત્યનો પ્રસાર કરવાને માટે જૈન તથા જૈનેતર વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપી ઉત્સાહિત કરવા. પુના કોન્ફરન્સમાં જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડના જે સભાસદો નિયુક્ત કરવામાં આવ્યા હતા તેમાંથી અત્યારે જેઓ હયાત હોય તેમને કોન્ફરન્સ કાયમ રાખે છે. તે સભાસદોએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાની ઓફીસ મુંબઇમાં રાખી જે મહત્વનાં કામો કર્યાં છે તે માટે આ કોન્ફ્રન્સ તેમને ધન્યવાદ આપે છે. અને તે બોર્ડદ્વારા શિક્ષા પ્રચારનું કામ કરાવવાની સલાહ આપે છે.

## ઠરાવ ૮ મો.

આજ કાલ આપણી જૈન કોમમાં ઝગડા ફેલાઇ રહ્યા છે, જેનાથી મોટું નુકશાન થાય છે; જેવા કે આણંદજી કલ્યાણજીની પેઢી અને શિવજી લાલન આદિ. તે તરફ કોન્ફરન્સ પોતાનો શોક પ્રગટ કરે છે, અને આવા પ્રકારના ધાર્મિક ઝગડાને દૂર કરવાને માટે એક કમિટી નિમવાની આવશ્યકતા જુએ છે.

## ઠરાવ ૯ મો.

**અ.** આ સંસ્થા તરફથી કોઇ કોઈ જગોએ જીર્ણચૈત્યોદ્ધાર થાય છે. પરંતુ જેવી શિઘ્રતાથી તે કામ થવું જોઇએ તે પ્રમાણે થતું નથી. તે માટે જે તીર્થોમાં દેવદ્રવ્ય જમા હોય ત્યાં તે દ્રવ્યદ્વારા અને અન્ય સ્થળે ગૃહસ્થો પાસેથી ધન એકઠું કરીને ઉપર જણાવેલું કાર્ય કરવું જોઇએ.

**બ.** તેજ પ્રમાણે જ્યાં જ્યાં જ્ઞાનદ્રવ્ય જમા હોય ત્યાં તે દ્વારા અને ન હોય તો ગૃહસ્થો પાસેથી ધન એકઠું કરીને પુસ્તકોનો ઉદ્ધાર કરવો જોઇએ, નહિ તો ઘણા જૈન ગ્રંથોની પેઠે બચેલા જૈન ગ્રંથોને પણ કીડા કોતરી ખાશે અને તે નષ્ટ થઈ જશે.

**ક.** આ કોન્ફરન્સ શિલાલેખનો સંગ્રહ કરવાની બહુ આવશ્યકતા ધારે છે કેમકે તેથી જૈન ધર્મના ઇતિહાસ ઉપર સારૂં અજવાળું પડી શકે તેમ છે. તેથી તે માટે નીચેના ગૃહસ્થોની એક કમિટી નિયુક્ત કરવામાં આવે છે. રા. દોલતચંદ પરશોતમ બરોડીઆ બી. એ., શેઠ દામોદર બાપુશા, વકીલ કેશવલાલ પ્રેમચંદ, વકીલ મોહનલાલ હલીચંદ દેશાઇ અને વકીલ ડાહ્યાભાઇ પ્રેમચંદ. આ કાર્યમાં દરેક પુરૂષે સહાયતા આપવી જોઇએ અને જ્યાં જ્યાં ભંડાર અથવા શિલાલેખો હોય તેની યાદી મેળવી આપવી જોઇએ. વળી નોંધ કરનારા પુરૂષોને અટકાવ નહિ કરવાનો આ કોન્ફરન્સ આગ્રહ કરે છે. તથા ગત વર્ષમાં જે જે મહાનુભાવોએ આ કાર્ય કરેલું છે તેમનો આભાર માનવામાં આવે છે.

## ઠરાવ ૧૦ મો.

કોન્ફરન્સની તરફથી જે શિક્ષાપ્રચાર આદિ કાર્ય કરવામાં આવે છે તેને માટે પ્રત્યેક પરણેલા કે કુંવારા સ્ત્રી પુરૂષે એક વર્ષમાં ઓછામાં ઓછા ચાર આના આપવા. તેનાથી વધારે આપવું યા નહિ તે તેમની મરજી ઉપર છોડવામાં આવે છે. આ ઠરાવ સાતમી કોન્ફરન્સમાં કરવામાં આવ્યો હતો. તેનો બરોબર અમલ થવો જોઇએ. આ ઠરાવને જેમણે આચારમાં મુકયો છે તેમને કોન્ફરન્સ ધન્યવાદ આપે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઠરાવ ૧૧ મો.

અશક્ત, નિરૂદ્યમી, દુર્દશાગ્રસ્ત જૈન ભાઇઓ, નિરાશ્રિત વિધવાઓ તથા બાળકોની સ્થિતિ સુધારવાને તેમનો બરાબર નિર્વાહ થાય તે માટે ઉચિત સાધનો પ્રાપ્ત કરાવી આપવાં જોઇએ. અપંગાશ્રમ, વિધવાશ્રમ, અનાથાશ્રમ ઇત્યાદિ સંસ્થાઓ સ્થાપન કરીને અથવા બીજી કોઇ રીતે નિરાશ્રિતોને મદદ આપવા જૈન ગૃહસ્થોને આ કોન્ફરન્સ પ્રાર્થના કરે છે.

## ઠરાવ ૧૨ મો.

જૈન ધર્મનો મુખ્ય સિદ્ધાન્ત " અહિંસા પરમો ધર્મ " છે. તેથી તમામ જૈન ભાઇઓએ ઉક્ત સિદ્ધાન્તની રક્ષાને માટે નીચે લખેલી બાબતો તરફ ધ્યાન આપવું

અ. જે કારણોથી જીવહિંસા થતી હોય તેનો પરિત્યાગ કરવો.

બ. હિંસાને અટકાવવા યથાશક્તિ પ્રયત્ન કરવો.

ક. કોઈ અણસમજુ લોકો નિરપરાધી પ્રાણીઓ ઉપર છરી ચલાવે તેમને ઉપદેશોદ્વારા એવાં અનર્થકારી કામ કરતાં અટકાવવા.

ડ. કેટલાક માણસો ધર્મને બહાને પશુહિંસા કરે છે તે કુચાલને અટકાવવાને સમાચાર પત્રાદિ દ્વારા પ્રબળ પ્રયત્ન કરવો.

ઈ. પશુશાળા ( પાંજરાપોળો ) જેવી પશુ કષ્ટ નિવારણી સંસ્થાઓને દ્રવ્યાદિની સહાયતા આપીને ઉત્સાહિત કરવી.

એફ. જે પશુશાળામાં અધિક દ્રવ્ય હોય યા આવક વધારે હોય તો તેના દ્રવ્યથી હિન સ્થિતિવાળી પશુશાળાઓને સહાયતા આપવાને માટે હરેક કોમના કાર્યવાહકોને આ કોન્ફરન્સ પ્રાર્થના કરે છે.

જી. વિજયા દશમી ( દશેરા ) આદિ પર્વો ઉપર થતી જીવહિંસાને રોકવાને માટે કોન્ફરન્સે રાજા મહારાજાઓને ખુબ પ્રાર્થના કરી હતી, તેમાંના કેટલાક રાજા મહારાજાઓએ પ્રાર્થનાનો સ્વીકાર કરીને જીવહિંસાનો પ્રતિબંધ પણ કર્યો છે, તેમને આ કોન્ફરન્સ ધન્યવાદ આપે છે અને ગયા વર્ષમાં જે રાજા મહારાજાઓએ આ ઠરાવનો સ્વીકાર કર્યો હોય તેમનો કોન્ફરન્સ ઉપકાર માને છે.

## ઠરાવ ૧૩ મો.

આપણા જૈનશાસ્ત્રને અનુસરતા લગ્નાદિ સોળ સંસ્કારો કરવા તરફ કેટલાક જૈન ભાઇઓ વિરૂદ્ધતા દર્શાવી સ્વધર્મ વિરૂદ્ધ અન્ય મતોના સંસ્કારોનો સ્વીકાર કરી પોતાની ધાર્મિક વૃત્તિઓને દુષિત કરે છે. અને પતિપત્નીની પવિત્ર ગ્રંથીબંધનના સમયમાં પણ જૈન સંસ્કારોને વિસ્મૃત કરી દે છે. આ બાબત માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ કોન્ફરન્સ પોતાનો ખેદ જાહેર કરે છે. અને તમામ જૈનકુટુંબોમાં જૈન સંસ્કારથી લગ્નાદિ કૃત્ય કરવામાં આવે તે તરફ લક્ષ આકર્ષે છે.

## ઠરાવ ૧૪ મો.

આપણા વ્યાપારની ઉન્નતિને માટે અને જૈનોના ધાર્મિક ફંડ તથા એવીજ રીતે વિધવા વિગેરેના નિર્વાહને માટે જમા થએલી રકમોની રક્ષા અને વૃદ્ધિને માટે પુનાની કોન્ફરન્સે બુદ્ધિમાન જૈનનેતાઓની આગેવાની નીચે એક મોટી જૈન બેન્ક સ્થાપન કરવાનો ઠરાવ કરેલો તેનો આ કોન્ફરન્સ સ્વીકાર કરી આશા રાખે છે કે ધનાઢયો શિઘ્રતાપૂર્વક આ તરફ લક્ષ અને સહાયતા આપશે.

## ઠરાવ ૧૫ મો.

શ્રી આબુ તિર્થ ઉપર જે યુરોપીયન લોકો જોડા પહેરીને મંદિરજીના કેટલાક ભાગ સુધી જાય છે, તેને માટે આ સંસ્થાની તરફથી એક ડેપ્યુટેશન રાજપુતાનાના એજન્ટ ટુ ધી ગવર્નર જનરલ ઓન. મી. કોલ્વીન પાસે ગયું હતું. તે વખતે તેને સંતોષકારક જવાબ આપવામાં આવ્યો હતો, પરંતુ હજી સુધી તેનો કાંઇ નીકાલ આવ્યો નથી. તેથી આ કોન્ફરન્સ એ વિષયમાં કોશીસ કરવાની આવશ્યકતા પ્રકટ કરે છે અને ઓન. મી. કોલ્વીનનો સંતોષકારક ઉત્તર માટે હાર્દિક આભાર માની ડેપ્યુટેશનના કાર્યવાહકોને ધન્યવાદ આપે છે. આ ઠરાવની એક એક નકલ રાજપુતાનાના એજન્ટ ટુ ધી ગવર્નર જનરલને તથા ના. વાઇસરોયને મોકલી આપવી.

## ઠરાવ ૧૬ મો.

હરેક તિર્થસ્થાનો અને હરેક ધાર્મિક ખાતાના હીસાબ સાફ રાખવાને માટે જે ખાતાં આ સંસ્થાએ કાયમ કર્યા છે તે બરાબર કાર્ય કરતાં રહે એવી આવશ્યકતા આ સંસ્થા પ્રકટ કરે છે, અને જાહેર કરે છે કે હરેક સંસ્થાના કાર્યવાહકોએ પોતાના ખાતાનો હીસાબ એવો સાફ રાખવો કે જેનાથી કોઈને પણ શંકા ઉત્પન્ન થાય નહિ. આજ સુધીમાં જે જે સાહેબોએ પોતાની સંસ્થાનો હીસાબ આ ખાતાદ્વારા સાફ કરાવ્યો હોય તેમને ધન્યવાદ આપે છે અને શેઠ ચુનીલાલ નહાનચંદ ઓનરરી ઓડીટરે આ વિષયમાં જે તકલીફ લીધી છે તે માટે તેમનો ઉપકાર માનવામાં આવે છે.

## ઠરાવ ૧૭ મો,

આ કોન્ફરન્સના કાર્યકર્તાઓમાં ન્યૂનાધિક કરવાને માટે જેવી કમિટી સમય ન હોવાના કારણથી શ્રી ભાવનગર કોન્ફરન્સમાં મુકરર થઇ હતી, તેવીજ રીતે સમય ન હોવાને કારણે આ કોન્ફરન્સ નીચે લખેલા ચાર સભાસદોની કમિટી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આગામી કોન્ફરન્સની બેઠક સુધી નિમે છે. શ્રીયુત્ બાબુ રાજકુમારસિંહજી કલકત્તા, રા. રા. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ, રા. રા. ગુલાબચંદજી ઢઢ્ઢા એમ. એ. જયપુર, શ્રીયુત્ શેઠ દયાલચંદજી ઝોહરી આગ્રા.

ઉપર પ્રમાણે ઠરાવો થયા બાદ પધારેલા પ્રતિનિધિઓનો, સ્વયંસેવકોનો અને કોન્ફરન્સના કાર્યમાં મદદ આપનારાઓનો આભાર માનવા સંબંધી ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. પધારેલા પ્રતિનિધિઓની તરફથી પોતાના કરવામાં આવેલા સત્કાર સંબંધી આભાર માનવામાં આવ્યો હતો.

ત્યારબાદ લુધીઆણા નિવાસી **શેઠ હુકમચંદજી** અને અંબાલા નિવાસી **શેઠ ગંગારામજી**એ આવતી કોન્ફરન્સ પંજાબમાં ભરવાની માગણી કરી હતી. તેને માટે સ્થળ અને વખત બીજા આગેવાનોને મળીને હવે પછી જાહેર કરવા જણાવ્યું હતું. આ માગણીનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

પ્રાંતે પ્રમુખ સાહેબે બજાવેલા સંતોષકારક કાર્ય માટે તેઓ સાહેબનો તેમજ સ્વાગત કમિટીના પ્રમુખ સાહેબે લીધેલી તસ્દી માટે તેમનો આભાર માનવાની દરખાસ્તો મુકવામાં આવી હતી તે હર્ષનાદ સાથે પસાર થયા બાદ પ્રમુખ સાહેબે બતાવેલી ઉદારતાનો સ્વીકાર કરી મેળાવડો બરખાસ્ત કરવામાં આવ્યો હતો.

**શાસનદેવ શ્રી સંઘનું કલ્યાણ કરો.**

## पूज्यपाद पंन्यासजी

# श्री गंभीरविजयजीनो स्वर्गवास.

(२)

આ મહાત્માનો જન્મ સંવત. ૧૯૦૦ ના ચૈત્ર શુદિ ૩ જે શહેર ગ્વાલીઅર પાસે ગામ સોનાગીરમાં યાચના નહીં કરનારા એવા ભાગોર જાતિના બ્રાહ્મણમાં થયો હતો. તેઓ શ્રાવકોના પ્રસંગથી જૈનપણું પામ્યા હતા. ત્યારબાદ સંવત. ૧૯૨૪ માં યતિપણું, સંવત ૧૯૩૧ માં ગણિ શ્રી મુક્તિવિજયજીના હસ્તથી શાંતમુર્ત્તિ મુનિરાજ શ્રી વૃદ્ધિચંદજીના શિષ્ય તરીકે સંવેગી દીક્ષા અને સંવત ૧૯૪૮ માં ગણિ તેમજ પંન્યાસ પદવી મેળવી હતી. તેઓ જૈનાગમના સવિશેષ બોધવાળા અને સતત્ અભ્યાસી હતા. પઠન પાઠન એજ તેમનો આખા દિવસનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિષય હતો. તેઓ સાહેબે ત્રણ ચાર ટીકાઓ ઉપરાંત પૂજાઓ, સ્તવનો, સજ્ઝાયો, પદો ને ગુંહળીઓ પુષ્કળ બનાવેલી છે. તેમની કરેલી પદ્યબંધ રચનાઓ પૈકી પ્રથમ **શ્રી ગંભીરવિજયજી કૃત સંગ્રહ** એ નામની એક બુક છપાઇ હતી, ત્યારબાદ તેમની રચેલી તમામ પૂજાઓ છપાણી છે. અમારી સભા તરફથી **જ્ઞાનસાર** ઉપર કરેલી ટીકા છપાઇને બહાર પડી છે. **શાંતસુધારસ** ઉપરની ટીકા છપાય છે ને તે પ્રસિદ્ધ થયા બાદ **અધ્યાત્મસાર** ઉપરની ટીકા છપાવાની છે. પ્રથમની બે ટીકાનું પૂર ત્રણ ત્રણ હજાર શ્લોક પ્રમાણ છે, ને ત્રીજી ટીકા આઠ હજાર શ્લોક પ્રમાણ છે. **નયકર્ણિકા** ઉપર રચેલી લઘુ ટીકા બનારસ પાઠશાળા તરફથી છપાયેલ **જૈન સ્તોત્ર સંગ્રહ**માં છપાયેલ છે. જીંદગીના છેવટના ભાગમાં તેઓ સાહેબને જીંદગીની અસ્થિરતા સમજાણી હતી, તેથી તેઓ વારંવાર તેવા ઉદ્ગારો કાઢ્યા કરતા હતા. જ્યોતિષ્‌ના વિષયમાં તેઓ સાહેબે સારી પ્રવિણતા મેળવી હતી. જ્યોતિષ્‌ને લગતા જૈન ગ્રંથોનો તેઓ સાહેબને સારો અભ્યાસ હતો. દીક્ષા પ્રતિષ્ઠા વિગેરેના મુહૂર્ત્તો જોઈ આપવામાં તેઓ પૂરા વિચક્ષણ હતા.

પ્રાંત સમયની પ્રસાદી તરીકે તેઓ સાહેબે જીવની અનાદિનિગોદથી માંડીને સિદ્ધાવસ્થા પર્યંત જે જે સ્થિતિ થાય છે તેનો ચિત્રાલેખ કરી બંને બાજુએ તે સંબંધી હકીકત લખીને પાંચ દશ શ્રાવકોને તે સંબંધી સારી રીતે સમજણ આપી હતી.

તેઓ સાહેબે છેલ્લી કૃતિ તરીકે ગુજરાતી ભાષામાં પ્રશ્નોતર રૂપે **તત્ત્વવાર્ત્તા** નામનો લેખ લખ્યો. છે. તે અમારી સભા તરફથી છપાયેલ છે અને **જૈન ધર્મ પ્રકાશના** ગ્રાહકોને ભેટ દાખલ આપવામાં આવનાર છે. આ લેખ અત્યંત ઉપયોગી થઈ પડે તેવો છે. તે આગળ ચલાવવાનો હતો પરંતુ તે ધારણા પાર પડી શકી નથી.

આ મહા પુરૂષ ગયા પોસવદિ ૮ ની રાત્રિએ સ્વર્ગવાસી થયા છે. તેમના સ્વર્ગવાસથી જૈનકોમને ન પૂરી શકાય તેવી અણધારી ખોટ પડી છે. તેમની જોડમાં મુકીએ તેવા મુનિઓ બહુ સ્વલ્પ દૃષ્ટિએ પડે છે. તેમના વિરહથી જૈન સમુદાય અત્યંત ખેદયુક્ત થયેલો છે. કાળની ગતિ દુરતિક્રમ હોવાથી મનને શાંતિ આપ્યા શિવાય બીજો ઉપાય નથી. પાંચમા આરાની વિષમતા આ બનાવથી પ્રકટ જણાઈ આવી છે. અવસર્પિણી કાળનું એજ મહાત્મ્ય છે.

આ બનાવના ખબર તાર અને પોસ્ટદ્વારા અનેક જગ્યાએ આપવામાં આવતાં ઘણે સ્થાનકે આરંભના કાર્યો બંધ કરવામાં આવ્યા છે, હડતાળો પડી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, પાણી પળાણી છે, જીવો છોડાવ્યા છે, ખરડાઓ થઈને આંગી પૂજા ભક્તિ વિગેરે કાર્યો થયા છે, કેટલેક ઠેકાણે અઠ્ઠાઈ મહોત્સવ થયા છે, અનેક મુનિમહારાજાઓએ દેવવંદન ક્રિયાઓ કરી છે અને સંસારની અસારતાનો ભવ્ય જનોને ઉપદેશ આપ્યો છે.

ભાવનગરના શ્રી સંઘે અંતસમયને લગતી ક્રિયા ઘણી ઉત્તમ રીતે કરીછે, આખા શહેરમાં હડતાળ પડાવી છે, પવિત્ર સ્થાનમાં અગ્નિ સંસ્કાર કર્યો છે અને એક ખરડો કરી **પાવાપુરી તીર્થ**ની રચના સાથે માહ શુદિ ૧૪ થી **અઠ્ઠાઇમહોત્સવ** કર્યો છે. એ મહોત્સવમાં દરરોજ જુદી જુદી પૂજાઓ વાજીંત્રો સાથે ભણાવવામાં આવી છે. અને જિનેશ્વરની દ્રવ્યભાવ ભક્તિ અનેક પ્રકારે કરીછે.

એ મહાત્માની જીંદગીના છેલ્લા દિવસે ભાવનગરના શ્રી સંઘે મળીને એક ફંડ તેઓ સાહેબની યાદગિરિ કાયમ રાખવા માટે **શ્રી વૃદ્ધિચંદજી જૈન વિદ્યાશાળા** સાથે સંયુક્ત **શ્રી ગંભિરવિજયજી જૈન પુસ્તકાલય** સ્થાપવામાટે કર્યું છે. તેની અંદર સુમારે ત્રણ હજાર રૂપીઆ ભરાયા છે. હજી ફંડ આગળ શરૂ છે. કેટલાએક બંધુઓનો વિચાર આ ફંડને વધારે વૃદ્ધિંગત કરી પુસ્તકાલય ઉપરાંત **જૈન સંસ્કૃત પાઠશાળા** સ્થાપન કરવાનો છે. કારણકે ભાવનગરખાતે શ્રાવક ભાઇઓને ઉપયોગી થઇ પડે તેવા પુસ્તકાલયો બે ત્રણ છે, તેથી આ પુસ્તકાલયમાં તેવાજ પુસ્તકો ખરીદ કરી તે દ્રવ્યનો વ્યય કરવા કરતાં મુનિ મહારાજને વ્યાકરણ અને ન્યાય વિગેરેનો અભ્યાસ સારી રીતે કરાવી શકાય એવું સાધન બની આવે તો તે જરૂરીઆતવાળું છે. આ સંબંધમાં પ્રયાસ શરૂ છે અને પંન્યાસજી મહારાજના ગુરૂભાઇઓને, શિષ્યવર્ગને તેમજ તેમના ભક્તિવાળા શ્રાવક ભાઇઓને તે સંબંધી આ લેખથી પ્રાર્થના કરવામાં આવે છે. તેથી જો બહાર ગામથી તેમજ ભાવનગર ખાતેથી સારી મદદ મળશે તો એ ધારણાનો અમલ કરવામાં આવશે.

પ્રથમથી કરેલી ધારણા અનુસાર પુસ્તકાલય સ્થાપન કરવા સંબંધી આદેશ માહ વદિ ૮ મે આપવામાં આવ્યા હતા અને માહ વદિ ૯ મે બહુ ધામધુમ સાથે જિનરાજસહિત પુસ્તક સંબંધી વરઘોડો ચડાવવામાં આવ્યો હતો. આ કાર્યનો આદેશ **શા. જીવરાજ જીગજીવનને** આપવામાં આવેલ હોવાથી તેણે બહુ સારી ઉદારતા દર્શાવી હતી. વરઘોડાની શોભા બહુ સરસ આવી હતી. રાત્રિએ તે પુસ્તક સાધ્વીજીને ઉપાશ્રયે પધરાવી ત્યાં રાત્રિજગો કરવામાં આવ્યો હતો અને વદિ ૧૦ મે સવારમાં સામાન્ય વરઘોડો ચડાવી જૈન વિદ્યાશાળા માટે નિર્માણ થયેલા **શેઠ કસ્તુર દીપચંદ**વાળા મકાનમાં પધરાવવામાં આવ્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only